# દાદાવાણી

મે ૨૦૨૬



પતિ - પત્નીની પસંદગીમાં આપણને કંઈ ગમે એવું જોઈએ. કંઈક આપણા મનને ગમે એવું જોઈએ. બુદ્ધિની લિમિટમાં આવી જવો જોઈએ. અહંકાર એક્સેપ્ટ કરે એવો જોઈએ અને ચિત્ત ચોંટે એવો જોઈએ. એટલે એનો હિસાબ હોય તો જ એટ્રેક્શન થાય. કુદરતના હિસાબ વગર કોઈ પૈણી શકતો નથી.



## અડાલજ : પૂજ્ય નીરુમાની ૨૦મી પુણ્યતિથિ : તા.૧૯ માર્ચ ૨૦૨૬



નીરુમાની સમાધિએ

ભક્તિ

સ્વરમાળા સીડી વિમોચન


## અડાલજ : સેવાર્થી શિબિર : તા.૨૦ થી ૨૨ માર્ચ ૨૦૨૬



નાટક

સત્સંગ

## અડાલજ : સ્ટોપ એન સ્ટે-૨ નું ખાતમુહૂર્ત : તા.૨૨ માર્ચ ૨૦૨૬



વર્ષ : ૩૧, અંક : ૯
સળંગ અંક : ૩૬૯
**મે ૨૦૨૬**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2026
Dada Bhagwan Foundation.
All Rights Reserved.

**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Owned by & Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Printed at**
**Amba Multiprint**
Opp. H B Kapadiya New High School, At- Chhatral, Tal: Kalol, Dist. Gandhinagar–382729.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
**ભારત :** ૧૦૦૦ રૂપિયા
**વાર્ષિક સભ્ય**
**ભારત :** ૨૦૦ રૂપિયા
**D.D. / M.O.** ‘મહાવિદેહ ફાઉન્ડેશન’ના નામે મોકલવો.

# દાદાવાણી

## જીવનસાથીની પસંદગી બાબતે યુવાનોને સાચી સમજણ-૨

### સંપાદકીય

યુવાવસ્થામાં જીવનસાથીની પસંદગી એ ખૂબ જ મહત્વપૂર્ણ અને સંવેદનશીલ નિર્ણયો પૈકી એક છે. જ્યારે યુવાન-યુવતીઓ લગ્નગ્રંથિથી જોડાવા માટે પાત્રની શોધ શરૂ કરે છે, ત્યારે પસંદગી કેવી રીતે કરવી ? કઈ કઈ બાબતો જોવી ? ગુણ-અવગુણોને કેવી રીતે પારખવા ? એવા ઘણાં પ્રશ્નો મનમાં ઊઠે છે. પ્રસ્તુત અંકમાં પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી) આવી દ્વિધાભરી ક્ષણોમાં યુવાનોને જીવનસાથીની પસંદગી માટે ઉચ્ચ વ્યવહારિક સમજણ આપે છે, જે એમના જીવનને યોગ્ય દિશા આપી શકે.

જીવનસાથીની પસંદગીનો મુખ્ય આધાર શું હોવો જોઈએ ? દાદાશ્રી એક સરળ છતાં ગહન ચાવી આપતા કહે છે, ‘આંખથી આકર્ષણ થાય ત્યાં આપણે લગ્ન નક્કી કરવા અને આકર્ષણ ના થાય તો આપણે બંધ રાખવું.’ આ આકર્ષણ એ પૂર્વભવના હિસાબનું પરિણામ છે. આકર્ષણની સાથે ચારિત્ર બહુ ઊંચી વસ્તુ છે. આજના યુવાનો પાત્રની પસંદગીમાં ઘણીવાર બાહ્ય દેખાવ પર વધુ ભાર મૂકે છે પરંતુ સહેજાસહેજ જોવામાં જે મળી જાય, એ જ ખરું. ‘પ્લાનિંગ કર્યા વગરનું કામ એ ચોખ્ખું ડિસ્ચાર્જ છે !’

લવ મેરેજ કે એરેન્જ મેરેજ ? શું લવ મેરેજ એ પાપ ગણાય ? એમાં દાદાશ્રી કહે છે કે ટેમ્પરરી મેરેજ એ પાપ ગણાય પણ આખી લાઈફનું પરમેનન્ટ મેરેજ એ પાપ ના ગણાય. ક્ષણિક આવેશમાં લવ (પ્રેમ) થાય અને પછી મતભેદ પડતા છૂટા થાય એ યોગ્ય નથી. માટે મા-બાપના અનુભવને ધ્યાનમાં રાખી ગોઠવણી કરવી અને સાથે યુવક-યુવતીના મનને ગમે, અહંકાર સ્વીકારી શકે અને ચિત્ત ચોંટે એવું પાત્ર હોવું પણ જરૂરી છે.

આજના યુવાનોને મોટામાં મોટી બીક હોય છે કે લગ્ન કરીએ તો અમારા મોક્ષનું કામ ભૂલાય જાય ! ત્યારે દાદાશ્રી કહે છે કે જો લગ્ન કરવાની ઈચ્છા હોય તો ભય ના પામીશ. ‘તું જેને પૈણીશ તેને હું આશીર્વાદ આપીશ અને બધું તારું રાગે પાડી આપીશ. માટે નક્કી કરી નાખ હવે.’ મહાત્માઓને ઘણીવાર પ્રશ્ન થાય છે કે બ્રહ્મચર્યવાળાને જ્ઞાન વહેલું આવે અને પૈણેલાઓને જ્ઞાન મોડું આવે, ત્યારે દાદાશ્રી કહે છે કે ખરેખર એવું નથી પણ આ જ્ઞાન અને જ્ઞાનીની આજ્ઞા હોય તો મોક્ષે જઈ શકે.

દાદાશ્રી કહે છે કે લગ્નનું નામ જ ભાંગફોડ. મનુષ્યમાત્રને ડેવલપ કરવા માટેનું સાધન, અથડાઈને અનુભવ કરીને બધા આગળ વધે છે. પૈણીને પસ્તાવાથી અનુભવજ્ઞાન થાય. લગ્ન એ મોજશોખ માટે નથી પણ એકબીજાને મોક્ષમાર્ગે હેલ્પફુલ થવા માટે છે. જ્યારે કોઈને પણ જીવનસાથી સાથે મતભેદ કે પ્રપંચ જેવી પરિસ્થિતિઓ આવે ત્યારે, સામું પ્રપંચ કરવાને બદલે જ્ઞાનીની આ વ્યવહારિક સમજણ મેળવી, શીલવાનપણું કેળવી, ‘સમભાવે નિકાલ’ કરી મોક્ષમાર્ગે આગળ વધાય એ જ હૃદયપૂર્વક અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# જીવનસાથીની પસંદગી બાબતે યુવાનોને સાચી સમજણ-૨

## 'આકર્ષણ થવું' મુખ્ય કાયદો આટલો જ

**પ્રશ્નકર્તા :** યુવાન-યુવતીઓએ લગ્નજીવનમાં પ્રવેશતા પહેલા સ્ત્રી (પત્ની) અગર પુરુષ(પતિ)ની પસંદગી કેવી રીતે કરવી ? અને શું કરવું, શું જોવું, ગુણો કેવી રીતે જોવા, એની ચર્ચા કરો.

**દાદાશ્રી :** અહીં અમેરિકાથી ઈન્ડિયા બધા આવે છે, તે પેપરમાં પહેલું છપાવડાવે છે કે ગ્રીનકાર્ડવાળા આવ્યા છે. એની જાહેરાત આપે કે કયો માલ વેચવાનો છે તે ! ગ્રીનકાર્ડવાળો માલ વેચવાનો છે. એટલે પેલી યુવતી જાણે કે આ માલ સારો આવ્યો છે, ત્યાં (અમેરિકા) જઈને આપણે મઝા કરીશું. તે છોડીના બાપ દેખાડવા આવે વારાફરતી, પોટલા ઊંચકી ઊંચકીને, પેલો છોકરો તો ના ને ના પાડે છે. અઠ્યાવીસ દહાડા માટે આવેલા હોય. તે પછી એક જણના ફાધર તો કંટાળી ગયા હતા. તે મને કહે છે કે, હું આવ્યો ત્યારથી બધે (છોકરીઓ) જો જો કરે છે લોકોની, અને મને લોકોમાં ખોટો દેખાડે છે. કેવી રૂપાળી રૂપાળી છોકરીઓ દેખાડી છે, તોય ના કહે છે. તો આને શું જોઈતું હશે ? મેં કહ્યું, 'છોકરાને ખાનગીમાં કહો ને કે તારી માને આવી રીતે ન્હોતો લાવ્યો.' પછી મેં એમને આશ્વાસન આપ્યું. હવે આ છોકરાઓને એ બિચારાના હાથમાં સત્તા નથી, એય બિચારા પરસત્તાથી બોલે છે.

પછી એક દહાડો છોકરો જ સામેથી કહે છે, મારે આઠ દહાડા રહ્યા. પપ્પા, હવે જો તમારે દેખાડવી હોય તો દેખાડી દો હવે, નહીં તો પછી હું જતો રહીશ. ત્યારે એના ફાધર કહે છે, 'ભઈ, તું ના પાડે છે એટલે હું શું દેખાડું, હવે ?' પેલો છોકરો કહે છે, 'તોય એકાદ-બે દેખાડો.' એટલે પપ્પાએ કો'કને હા પાડી. ત્યારે પેલો શું કહે છે ? હું કો'કને ઘેર નહીં દેખાડું, ખરાબ દેખાય. હું તો આણંદના સ્ટેશન પર દેખાડીશ. ત્યાં આ છોકરાને તેડી લાવજો.

ત્યારે આમને ગરજ એટલે સ્ટેશન પર આવ્યા. કો'કને ઘેર જાય પણ નાપાસ કરે એટલે લોકોમાં ફજેત થાય ને ! સારી છોકરીને પેલો નાપાસ કરે ! એની માને નથી જોતો, બ્લેકીશ (કાળી) છે તોય ! તે પછી એ સ્ટેશન પર દેખાડી. તે છોકરો કહે છે, 'બસ (આની જોડે) કરી નાખો. આ જ મારે પસંદ છે. અહીં કરી જ નાખો ને, હવે !' 'અલ્યા મૂઆ, આ તો સ્ટેશન છે. પ્લેટફોર્મ ઉપર અહીં (લગ્ન) થતું હશે ?' ત્યારે એ કહે, 'ના. આ જ, અહીં જ જલ્દી મૂકી દો.' ત્યારે પેલા કહે છે, 'ના થાય, એ તો મુહૂર્ત કાઢવું પડે અને આવું તે સ્ટેશન ઉપર ના થાય.' તે પાછું એને સમજાવી કરીને બે દહાડા પછી ગોઠવી દીધું અને બહાર હોલ હતો ત્યાં લગ્ન કરી નાખ્યું. હવે આ તો ત્યાં ને ત્યાં સ્ટેશન ઉપર લગ્ન કરી નાખવાનું કહે, એ શી રીતે થાય ? એ થતું હશે ? પણ આવા ભાન વગરના બોલે !

એટલે આ બધું શું છે, તે બહુ જોવાની જરૂર નથી. યુવક-યુવતી જોવા જઈએ અને આકર્ષણ ના થાય તો બંધ રાખવું. બીજી ડિઝાઈન જોવાની જરૂર નથી, આકર્ષણ થાય છે કે નહીં એટલું જ જોવાનું.

**પ્રશ્નકર્તા :** કઈ જાતનું આકર્ષણ ?

**દાદાશ્રી :** આ આંખનું આકર્ષણ થાય મહીં, એટ્રેક્શન થાય. તમે કોઈ વસ્તુ એવી લેવાના હોય બજારમાં, તો એ વસ્તુનું એટ્રેક્શન (આકર્ષણ) થાય નહીં તો તમે લઈ શકો જ નહીં. એટલે એનો હિસાબ હોય તો જ એટ્રેક્શન થાય. કુદરતના હિસાબ વગર કોઈ પૈણી શકતો નથી. એટલે એટ્રેક્શન થવું જોઈએ.

છોકરાંઓને સમજ પાડો કે લગ્ન કરવાની રીત શું હોય ? તારે જઈને છોડીને જોવી ને આંખથી આકર્ષણ થાય એ આપણું લગ્ન નક્કી જ છે અને આકર્ષણ ના થાય તો આપણે બંધ રાખવું. કારણ કે આપણું ને એનું લગ્ન થવાનું હોય તો એટ્રેક્શન થાય. એ કાળી હોય તોય એટ્રેક્શન થાય.

એટલે મહીં આકર્ષણ થાય આપણને, તો ત્યાં લગ્ન કરવું. બે-ત્રણ વખત તપાસ કરવી. અને ખેંચાણ થાય નહીં, તો એ કેન્સલ.

**પ્રશ્નકર્તા :** બે-ચાર વખત મળવું જોઈએ ખરું ?

**દાદાશ્રી :** મળવા જવાય, એવા સંજોગો બને તોય વાંધો નથી. ન બને તોય વાંધો નથી. પણ આકર્ષણ થવું જોઈએ. મુખ્ય 'લૉ' (કાયદો) આટલો જ !

આ તો પહેલા શું કરતા હતા ? જોયા વગર જ એમ ને એમ કરી આવતા હતા. અમારા વખતમાં તો ગોર જઈને કરી આવે. ગોર એટલે આપણા જે બ્રાહ્મણ હોય ને, તે જ્યાંથી માગું આવ્યું હોય ને, ત્યાં ગોર જઈ આવે અને પછી કન્યાની ઉંમરને બધું પૂછી કરી આવે.

## પહેલા વિચાર, પછી કાર્ય

એ 'કમિંગ ઈવેન્ટ્સ' એવું ચોખ્ખું લખો ને, કમિંગ ઈવેન્ટ્સ કાસ્ટ ધેર શૅડોઝ બિફૉર. (જે બનવાનું છે તેના પડઘા પડે.) મને જ્ઞાન થયું નહોતું ને, ત્યારે આવા બધા વિચાર આવે ને, તે પહેલા સમજી જાઉ કે કંઈક સારું થવાનું છે. નહીં તો આ વિચાર આવે શું કરવા તે ? તે સાચું લખ્યું કે 'કમિંગ ઈવેન્ટ્સ કાસ્ટ ધેર શૅડોઝ બિફૉર.' આ શૅડોઝ જ કહેવાય બધા, એના પડછાયા કહેવાય.

છોકરાનેય પૈણવાના વિચાર આવે ત્યાર પછી પૈણે. બે-ચાર વર્ષથી વિચાર આવે ત્યાર પછી પૈણે, આવી લાવું, તેવી લાવું ત્યાર હોરું પૈણી જાય.

પ્લાનિંગ કર્યા વગરનું કામ એ ચોખ્ખું ડિસ્ચાર્જ છે ! એ સહજ સ્વભાવી છે. એમાં પછી દુઃખ ના પડે ! જ્યારે પાંચ-સાત છોકરીઓ જુએ, એમાં પછી ભલીવાર ના આવે ! એ તો સહેજાસહેજ જુએ અને મળી જાય એ ખરું !

## 'કાળો' કહી કેન્સલ કરે, પછી પસ્તાય

આપણા એક મહાત્માની છોકરી શું કરે ? એના ફાધરને કહે છે કે 'મને આ છોકરો નથી ગમતો.' હવે છોકરો ભણેલો-કરેલો. હવે ફાધરનું, મધરનું દિલ ઠરે એવો, બધાનું દિલ ઠરે એવો. એટલે પેલા ફાધરને અકળામણ થઈ ગઈ કે મહાપરાણે આવો સારો છોકરો જડ્યો ત્યારે પાછી આ છોડી ના પાડે છે.

થાકેલો માણસ પછી બાવળિયાના નીચે બેસે. થાકેલો માણસ તે ક્યાં બેસે ? બાવળિયા નીચે ! ત્યારે શું થાય તે ? પછી એમણે મને કહ્યું. એટલે મેં કહ્યું, 'એ છોડીને મારી પાસે બોલાવો.' મેં કહ્યું, 'બેન, શું વાંધો આવ્યો મને કહે ને ! શું વાંધો છે ? ઊંચો પડે છે ? જાડો પડે છે ? પાતળો પડે છે ?' ત્યારે કહે, 'ના, જરા બ્લેકીશ છે.' મેં કહ્યું, 'એ તો હું ઊજળો કરી નાખીશ, બીજું કશું તને નડે છે ?' ત્યારે કહે, 'ના, બીજું કશુંય નહીં.' ત્યારે મેં કહ્યું, 'તો હા પાડી દે ને ! પછી ઊજળો હું કરી આપીશ.' પછી એ છોડી એના પપ્પાજીને કહે છે, 'તમે દાદાજી સુધી મારી ફરિયાદ કરો છો ?' તો શું કરે ત્યારે ?

પૈણ્યા પછી મેં કહ્યું, 'બેન, ઊજળો કરવા સાબુ મંગાવું કે ?' ત્યારે બેન કહે છે, 'ના દાદાજી, ઊજળો જ છે.' વગર કામનું બ્લેકીશ, બ્લેકીશ ! એ તો બ્લેક કંઈ ચોપડે તો કાળો દેખાય જરા અને યલ્લો ચોપડે તો યલ્લો દેખાય ! બાકી છોકરો સારો હતો. મને સારો લાગ્યો. એને જવા કેમ દેવાય ? પેલી શું જાણે ? મોળો છે જરા. મેં કહ્યું, 'કરી નાખજે પછી, આવું ફરી નહીં મળે !'

### દાદાના કહ્યા પ્રમાણે કરે તે થાય સુખી

એક બેનને પરણવું જ નહોતું, એમના ઘરના મારી પાસે તેને તેડી લાવ્યા. ત્યારે મેં એને સમજાવી, પૈણ્યા વગર ચાલે એમ નથી અને પૈણીને પસ્તાયા વગર ચાલે તેમ નથી. માટે આ બધી રોકકળાટ રહેવા દે ને હું કહું છું એ પ્રમાણે તું પરણી જા. જેવો વર મળે એવો, પણ વર તો મળ્યો ને ! કોઈ પણ જાતનો વર જોઈએ. એટલે લોકોને આંગળી કરવાની ટળી જાય ને ! અને કયા આધારે ધણી મળે છે એ મેં તેને સમજાવ્યું. બેન સમજી ગઈ ને મારા કહ્યા પ્રમાણે પૈણી. પણ પછી વર જરા દેખાવડો ના લાગ્યો. પણ એણે કહ્યું કે મને દાદાજીએ કહ્યું છે એટલે પરણવું જ છે. બેનને પૈણતા પહેલા જ્ઞાન આપ્યું, અને પછી તો એણે મારો એક શબ્દ ઓળંગ્યો નહીં ને બેન એકદમ સુખી થઈ ગઈ.

### રૂપ કરતા ચારિત્ર ઊંચું, સમજ સાચું

**પ્રશ્નકર્તા :** આંખ કરતા ચારિત્ર મોટી વસ્તુ નથી ?

**દાદાશ્રી :** ચારિત્ર બહુ ઊંચી વસ્તુ, ચારિત્ર ક્યાં જુવે છે લોકો ? અત્યારના લોકો તો બાહ્ય જ પ્રદર્શન જુએ. આંખનું એ બધું રૂપ જુએ છે. ચારિત્ર જેવી કોઈ વસ્તુ જ નથી સમજતા !

**પ્રશ્નકર્તા :** મારો પૉઈન્ટ ત્યાં જ આવીને અટકી જાય છે !

**દાદાશ્રી :** ખરું કહે છે. ચારિત્ર ખોળે ત્યારે તો બહુ સારું છે. પણ પહેલા બધા કાઢી મેલ્યા તેમનું 'ચારિત્ર નથી' એવું કેમ માની લઉં ? ગેટ આઉટ કર્યા બધા ને, તે કેટલા જણને ગેટ આઉટ કરી નાખ્યા ?

**પ્રશ્નકર્તા :** એ તો એનોય મને પસ્તાવો થાય છે. અત્યારે એ વસ્તુ જુદી જ થઈ ગઈ.

**દાદાશ્રી :** એ ઊંચું મૂકી દો આપણે, પણ તે દા'ડે ચારિત્ર જોતી'તી કે બીજું કંઈ જોતી'તી ?

**પ્રશ્નકર્તા :** ત્યારે તો એવું જ હતું કે લગ્ન નથી જ કરવું. અત્યારે પ્રૉબ્લેમ વર્તમાનનો છે. ત્યારનું હવે 'લેટ ગો' જ કરી નાખવાનું. એ મારી ભૂલ થઈ ને એનો પસ્તાવો કરું છું.

**દાદાશ્રી :** હવે પસ્તાવો થયો, પણ હવે જેવું ચારિત્ર ખોળીએ એવું ના થાય ને હવે ! અને થઈયે જાય એની પુણ્યૈ હોય તો, માટે રાહ જોવી આપણે. આંખનું ના ગમતું હોય પણ ચારિત્રનું હોય તો ચાલે ખરું ?

**પ્રશ્નકર્તા :** આંખનું એકદમ જ ખરાબ હોય એવું નહીં, સાધારણ હોય. પણ એ ભણેલો-ગણેલો હોય, કમાતો, નોકરી-ધંધાવાળો હોય એવો ચાલે.

**દાદાશ્રી :** હા, સાધારણ, સાધારણ ! ચારિત્ર તો બહુ મોટી વસ્તુ છે. ચારિત્ર ખોળે એ બહુ મોટી વસ્તુ છે. એ સારી વસ્તુ કહેવાય.

ચારિત્ર ખરાબ હોય, વ્યસની હોય, બધી જાતની ઉપાધિઓ હોય. વ્યસની ગમે કે ના ગમે ?

**પ્રશ્નકર્તા :** બિલકુલ નહીં.

**દાદાશ્રી :** અને ચારિત્ર સારું હોય ને વ્યસની હોય તો ?

**પ્રશ્નકર્તા :** સિગરેટ સુધી ચલાવી લેવાય.

**દાદાશ્રી :** ખરું કહે છે, ત્યાં સુધી નભાવી લેવાય. પછી આગળનું શી રીતે, પેલું બ્રાન્ડીના કપ ભરીને પીવે, એ શી રીતે પોષાય ? એની હદ હોય, સિગરેટ સુધી ચલાવી લેવાનું ! અને ચારિત્ર તો બહુ મોટી વસ્તુ છે. તું માનું છું બેન, ચારિત્રમાં ? ચારિત્રને પસંદ કરું છું તું ?

**પ્રશ્નકર્તા :** એના વગર જીવાય જ કેમ ?

**દાદાશ્રી :** હા, જુઓ, આટલું હિન્દુસ્તાનની

સ્ત્રીઓ, છોકરીઓ સમજે ને, તો કામ કાઢી નાખે. ચારિત્રને જો સમજે તો કામ કાઢી નાખે.

**પ્રશ્નકર્તા :** અમારા આટલા ઉચ્ચ વિચારો સારા વાંચનથી થયા છે.

**દાદાશ્રી :** ગમે તેના વાંચનથી, આટલા સંસ્કાર પડ્યા ને ! સારા વિચારોના !

### નથી પાપ લવ મેરેજમાં, પાપ છે દગામાં

**પ્રશ્નકર્તા :** આ લવ મેરેજ એ પાપ ગણાય ?

**દાદાશ્રી :** ના. ટેમ્પરરી લવ મેરેજ એ પાપ ગણાય, પરમેનન્ટ લવ મેરેજ હોય તો નહીં. એટલે લાઈફ લવ મેરેજ હોય તો વાંધો નહીં. ટેમ્પરરી લવ મેરેજ એટલે ફોર વન યર, ફોર ટુ યર. પરણવું હોય તો એકને જ પરણવું જોઈએ. ફ્રેન્ડશિપ બહુ નહીં કરવી જોઈએ, નહીં તો નર્કે જવું પડે.

**પ્રશ્નકર્તા :** આ જે બીજા અમેરિકન્સ કહે છે કે જેવી રીતે બીજી છોકરીઓ કેટલાય જણા જોડે સંબંધ રાખે, તો એ લોકોને તો કંઈ વાંધો નથી આવતો. એ લોકોને કંઈ પાપ નથી ને આપણને કેમ એવું છે ?

**દાદાશ્રી :** એમને છોકરીઓની પડેલી નથી હોતી બહુ, એ તો (છોકરી) ના જતી હોય તો વીસ-બાવીસ વર્ષનો (થાય એટલે) છૂટી કરે એને. આપણે ત્યાં નહીં કરે. એ તો એમને એમના કપલ પૂરતી જ પડેલી હોય છે અને આપણે તો ઠેઠ સુધી, તમે પચાસ વર્ષના થાવ તોય લાગણી રાખે મા-બાપ. તમે પચાસ વર્ષના થાવ તોય એમને દુઃખ થયા કરે કે આ બિચારીનું શું થતું હશે, શું થતું હશે ? અને આમને ના થાય.

**પ્રશ્નકર્તા :** એ લોકોને કેમ એવું હોય ? અને આપણને ?

**દાદાશ્રી :** (એમનું) ડેવલપમેન્ટ કાચું છે. સામાજિક ડેવલપમેન્ટ નથી એમનામાં. સામાજિક ડેવલપમેન્ટ કાચું છે.

### લવ મેરેજ પણ મા-બાપે મંજૂર કરેલા

**પ્રશ્નકર્તા :** એટલે કેવા મેરેજ બેટર, લાઈક એરેન્જ મેરેજ કે લવ મેરેજ ? લવ મેરેજ કરીએ કે મા-બાપ ગોઠવી આપે એ પ્રમાણે કરીએ ?

**દાદાશ્રી :** કુદરતી રીતે નિર્માણ લગ્ન થાય ને, નિર્માણ લગ્ન આપણી રીતે ફરજિયાત બંધાયેલું જ હોય.

**પ્રશ્નકર્તા :** હા, તો અમે શોધી લાવ્યા હોય એવું પણ હોઈ શકે. તો એ જે તમે કહ્યું ને કે કુદરતી ગોઠવાયેલું હોય, એટલે એનો અર્થ એવો ને કે મા-બાપે ગોઠવી આપ્યું હોય કાં તો અમે પોતે ગોઠવ્યું હોય ! બન્ને થઈ શકે ને ?

**દાદાશ્રી :** ગોઠવીને મા-બાપને પસંદ પડે, એવી રીતે કામ લેવાનું. એવું છે ને કે આ લવ મેરેજમાં શું થાય છે, કે પછી આની જોડે લવ, આની જોડે લવ, આની જોડે લવ. તે પછી બે-ત્રણ વરસમાં પાછું ફ્રેક્ચર થઈ જાય અને પછી રખડી મરવાનું.

લવ મેરેજ એકલું પસંદ કરવા જેવી ચીજ નથી. કાલે આનો મિજાજ કેવો નીકળે તે શી ખબર પડે ? મા-બાપ ખોળી આપે તે જોવું, કે ડફોળ છોકરો છે કે ડિફેક્ટવાળો છે ? ડફોળ ના હોવો જોઈએ ! ડફોળ હોય ખરા કે ?

આપણને કંઈ ગમે એવું જોઈએ. કંઈક આપણા મનને ગમે એવું જોઈએ. બુદ્ધિની લિમિટમાં આવી જવો જોઈએ. અહંકાર એક્સેપ્ટ કરે એવો જોઈએ અને ચિત્ત ચોંટે એવો જોઈએ. ચિત્ત ચોંટે એવો જોઈએ ને ? એટલે એ કરે તો વાંધો નથી, પણ એને આપણે જોઈ લેવો જોઈએ.

**પ્રશ્નકર્તા :** કો'ક વાર મા-બાપ પણ છોકરો શોધવામાં ભૂલ કરી શકે ?

**દાદાશ્રી :** એમનો ઈરાદો નથી, એમનો ઈરાદો તો સારું જ કરવાનો છે. પછી ભૂલ થઈ એ આપણા પ્રારબ્ધના ખેલ છે. શું કરવું ? અને આ તમે સ્વતંત્ર ખોળો એમાં ભૂલ થવાના સંભવ છે. ઘણા દાખલા ફેઈલ ગયેલા.

## સમય પ્રમાણે ભેગા થાય

વહેલી તકે ધણી સારો મળજો, એવી ઈચ્છા ખરી તારે ?

**પ્રશ્નકર્તા :** વહેલી તકે નથી જોઈતું.

**દાદાશ્રી :** પણ 'સારો મળજો' એવું તો તું કહે ને ! અને આ જગત તો એવું છે કે કોઈ બેન કહેશે, 'હે ભગવાન, ખરાબ હશે તો પણ ચાલશે.' તોય પણ જે એને લમણે લખેલું છે તે જ આવે. કારણ કે લમણે લખેલી ચીજ મળે છે આ.

છોકરાનો જન્મ તો થઈ ગયો. કંઈ નવો જન્મવાનો નથી. જન્મ થઈ ગયો, પણ જડતો નથી અને છે એ જડવાનો છે. પણ જડતો નથી એનું કારણ ટાઈમિંગ છે. ટાઈમનો મેળ પડ્યો નથી. પેલા એ નક્કી કર્યું હોય ૨૮ વર્ષ વગર (પહેલાં) મારે પૈણવું જ નથી, આણે (છોકરીએ) નક્કી કર્યું, કહેય કે મારે ૨૫ વર્ષ સુધી પૈણવું નથી. એ બધો ટાઈમ એમના કહ્યા પ્રમાણે ભેગો થાય ને પછી પૈણે.

## નથી હાથમાં ભલે ઈચ્છયું શ્રેયમાં

તું કહું છું કે મારે પૈણવું છે, પણ પૈણવાનું તારા હાથમાં છે નહીં. મૂરતિયો એવો મળવો જોઈએ ને બળ્યો ! અને મળ્યો એ તું નાપાસ કરી મૂકું છું ! અને હવે એથી વળી બીજો મૂરતિયો એ તને નાપાસ કરે. એટલે પાસિંગ થાય નહીં. એટલે રિજીઓનલ ઑફિસ ના પાડી દે. રિજીઓનલ ઑફિસ હોય છે ને ! એ ના પાડી દે કે આવી રીતે ચાલવા દેવાનું નહીં. રાગે પડી જશે તારે ? પહેલા તારી લાઈફ હતી અને અત્યારની લાઈફમાં આનંદમાં કંઈ ફેર પડ્યો છે ?

**પ્રશ્નકર્તા :** હા, ઘણો.

**દાદાશ્રી :** ઘણો ! ત્યારે થોડો બાકી હશે તે પૂરો થઈ જશે. તારા આનંદમાં ફેર પડ્યો ? એને ઘણો ફેર પડી ગયો. તારે કેટલો ફેર પડ્યો ?

**પ્રશ્નકર્તા :** ઘણો, દાદાજી. મારે જે કરવું હોય તેની આમ છૂટ મળે એના આધારે, સ્વતંત્રતા રહે એટલા માટે મારે લગ્ન કરવા હતા.

**દાદાશ્રી :** સ્વતંત્રતા રહે એટલા માટે ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** લગ્નમાં તો પરતંત્ર થાય જ ઊલ્ટો. ધણી થયો ઊલ્ટો. 'ક્યાં ગઈ હતી ? કંઈ રખડું છું ?' વાંધો ઉઠાવે એ તો.

**પ્રશ્નકર્તા :** રખડવા માટે સ્વતંત્રતા નહીં જોઈતી હતી. અમુક વસ્તુ કરવી હોય, તો મારે એવો હસબન્ડ ચૂઝ કરવો હતો કે મને જે કંઈ ગોલ (ધ્યેય) હોય ને, મારો પર્સનલ ગોલ, તો મને એની ફ્રીડમ આપે ને સપોર્ટ આપે. પણ પપ્પા હોય તો ના આપે. ને બીજું શું, કે લગ્ન કર્યા હોય તો બીજા લોકો ખૂંચો નહીં માર્યા કરે, ગોદા નહીં મારે.

**દાદાશ્રી :** હા, એ બરાબર છે.

## કોણ છે પરફેક્ટ ?

ધણી થોડો ડિફેક્ટિવ સારો કે અનડિફેક્ટિવ ?

**પ્રશ્નકર્તા :** ના, ના, ડિફેક્ટ જોઈએ જ નહીં.

**દાદાશ્રી :** તો પછી તારા વશમાં ના રહે, કાબૂમાં ના રહે. એ જરા ડિફેક્ટિવ હોય તો આપણે ખખડાવીએ. એય ! આમ તેમ ! એવો ખોળી કાઢવો. એટલે આપણા વશમાં રહે ને !

**પ્રશ્નકર્તા :** પણ પછી એકદમ ડફોળ નહીં જોઈએ.

**દાદાશ્રી :** ડફોળ હોતો હશે એકદમ ? આ તો એવું છે ને, તું આ ડિફેક્ટિવ ના ખોળું તોય ડિફેક્ટિવ જ હોય છે. એ તને પહેલા ખબર ના પડે અને આ તો આપણે પહેલેથી જાણી ગયા હોય ને ! એટલે આપણે એને પૂછી લેવું પહેલેથી કે ભઈ, જરા ડિફેક્ટ છે ? ત્યારે કહે, હા.

**પ્રશ્નકર્તા :** જો જાણે કે ડિફેક્ટિવ છે, તો પોતાનું મન જરા અવળું થઈ જાય ને !

**દાદાશ્રી :** બાકી ડિફેક્ટિવ છે, એમાં શેનું અવળું થાય, સારું ઊલટું. અને બહાર લોક કહે, આમના ધણી આવ્યા. એટલે આમેય રોફ પડે, આમેય રોફ પડે ! અને ડિફેક્ટિવ હોય છે જ. જો જ્ઞાન હોય ને જો ડિફેક્ટ ખોળો તો મહીં એક-બે હશે, એના કરતાં ડિફેક્ટિવ ના ખોળીએ કે એક ડિફેક્ટ છે જ !

**પ્રશ્નકર્તા :** દાદા, જે અહીંયા બધા છે તે લોકો ડિફેક્ટિવ છે, તમારી પાસે જ્ઞાન લઈ ગયેલા તે ?

**દાદાશ્રી :** બધા કંઈ એક્ઝેક્ટ છે ? કોઈકને કોઈકનામાં ડિફેક્ટ હશે !

**પ્રશ્નકર્તા :** તો પછી એનો મતલબ એમ નહીં થયો કે હું પણ ડિફેક્ટિવ છું ?

**દાદાશ્રી :** તો શું તું ડાહી છું ?

**પ્રશ્નકર્તા :** પોતે કોઈ કહેવા માંગે નહીં કે હું ડિફેક્ટિવ છું.

**દાદાશ્રી :** નહીં, એ તો કોઈ કહે નહીં, પણ હું ઓળખું બધાને. આ તો માલ જ બધો ડિફેક્ટિવ, એ તો અમથા આપણે મનમાં સમજીએ, હા, બહુ સારા, બહુ સારા.

**પ્રશ્નકર્તા :** ડિફેક્ટ આપણામાં હોય પણ એની શરમ નહીં હોવી જોઈએ.

**દાદાશ્રી :** ત્યારે શું હોવું જોઈએ ?

**પ્રશ્નકર્તા :** આપણે ઊલટો એનો સુધારો કરવો જોઈએ. આપણે જાણીએ કે ડિફેક્ટ છે, તો સુધારો નહીં કરવો જોઈએ ?

**દાદાશ્રી :** શામાં સુધારો કરે ? બગડેલો સુધરતો હશે ?

**પ્રશ્નકર્તા :** તમારી કૃપાથી સુધરે ને ! તો જ મોક્ષે જવાય ને !

**દાદાશ્રી :** સુધારીને કંઈ લઈ જવાના છે, આપણે શાક કરવાનું છે ? શાક સુધારવાનું હોય. આ તો પાંચ-પચ્ચીસ વર્ષ રહેવાનું, ત્યાં સુધી રહેવાનું, ભાડાની ઓરડીઓ ! જેમ આપણે તો પેલી મોટલ ! અત્યારે ધણી સારા હોતા હશે ? એક છોકરો ખોળી લાય કે સારો હોય તો, જા.

**પ્રશ્નકર્તા :** મળતો નથી, પરફેક્ટ નથી મળતો. ને દાદા, પ્રૉબ્લેમ શું છે ? પરફેક્ટ નહીં મળે એટલે જોઈએ જ નહીં.

**દાદાશ્રી :** આપણને પૈણનાર ભેગો થાય ને, મેં તારા માટે ડિફેક્ટિવ (તારી ડિફેક્ટ)ની વાત સાંભળી છે, પણ હું લેટ ગો કરીશ, કહીએ. 'એનો વાંધો ના રાખીશ. પણ બીજી રીતે કશું છે તારી પાસે, બીજું નુકસાન કરે એવું ? ડિફેક્ટિવ એકલું જ છે કે બીજું કશું છે ?' ત્યારે કહે, 'ના, બીજું કંઈ નથી.' 'હા, દારૂ-બારૂ પીતો નથી ને ? માંસાહાર કરતો નથી ને ?' ત્યારે કહે, 'હું માંસાહાર કરું છું.' એટલે આપણે છોડી દેવો પડશે, કહીએ. એટલે પછી સ્વીકારી લેવાનું. પૈસામાં ડિફેક્ટિવ ના હોવો જોઈએ. બીજી આ બાબતોમાં ડિફેક્ટિવ હોય, એ તો હોય જ આ કાળમાં તો. એ તો પચ્ચીસ વર્ષે પરણ્યો તે શું એમ ને એમ જ મૂઓ હતો એ !

**પ્રશ્નકર્તા :** તમારી સાથે વાત કરીએ ને, તો તમે આમ કરીને લઈ આવો જ પાછા.

**દાદાશ્રી :** ત્યારે પછી શું થાય, રસ્તો તો કાઢવો પડશે ને ? તને ડાહ્યી બનાવવા માટે અમારી ઈચ્છા છે અને 'તું સુખી કેમ થઉં' એવી ઈચ્છા છે. પૈણવું હોય તો પૈણ, ના પૈણવું હોય તો ના પૈણીશ. તેનો વાંધો નથી. પણ પૈણું ત્યારે મને કહેજે કે આ ભઈ મને મળ્યો છે. મારી રૂબરૂમાં એને પાંસરો કરી દઈશ. હું ચા પીવડાવીશ, તે ઘડીએ હું એને કહીશ, 'આ બેન ચલાવી લે, મૂઆ !' તને કોણ ચલાવે ? પણ આ તો અમે એને કહી દઈએ, પહેલેથી ચેતવી દઈએ.

### એકબીજાને હેલ્પ કરવા છે જગત

**પ્રશ્નકર્તા :** મને વઢે એવોય ધણી ના જોઈએ અને મને દબાવે એવોય ના જોઈએ.

**દાદાશ્રી :** હા, એવો જોઈએ.

**પ્રશ્નકર્તા :** પણ એનાથી એ દબાય એવોય ના જોઈએ.

**દાદાશ્રી :** તો દરેક વસ્તુને પછી ગોઠવો. એકને નીચે આવવું પડે તો બીજાને ઉપર આવવું પડે, અગર તો એને નીચે આવવું પડે તો બીજાને ઉપર આવવું પડે. તે પણ ગોઠવવાનું છે, આ જગત ગોઠવણી છે. એક્ઝેક્ટ લેવલમાં ના આવે. એમાં કલ્પનાની થીયરી ના ચાલે.

ફ્રેન્ડ તરીકે કામ કરે એવો જોઈએ. જાણે ફ્રેન્ડ હોય એવી રીતે હેલ્પ કર્યા જ કરે. આપણે એને હેલ્પ કરીએ.

**પ્રશ્નકર્તા :** એવો જ જોઈએ. ફ્રેન્ડ તરીકે રહે એવો જોઈએ, પણ જોડે જોડે ડફોળ ના જોઈએ પાછો.

**દાદાશ્રી :** પણ એ આપણા ધાર્યા પ્રમાણે મળે નહીં કશું ! માટે થોડી છૂટ રાખ, ટેન પરસેન્ટની. ટેન પરસેન્ટ નહીં ?

**પ્રશ્નકર્તા :** પણ એના હન્ડ્રેડ એન્ડ ટેન છે તો તે ટેન છૂટ રાખે તો હન્ડ્રેડ આવીને ઊભું રહે.

**દાદાશ્રી :** મોક્ષે જવા માટે રસ્તે જોઈતા આધાર, પુરાવા એ બધું સાધન છે આ. એય મોક્ષ તરફ રહે, આપણેય રહીએ અને એ હેલ્પ કરી કરીને, હેલ્પફુલ થાય એકબીજાને !

જગત આખું મોક્ષે જ જઈ રહ્યું છે પણ મોક્ષમાં જતા આ બધા હેલ્પિંગ થતા નથી. વઢંવઢા કરીને ઊલટા બ્રેક મારે છે. નહીં તો ઉનાળાનો સ્વભાવ જ એવો કે ચોમાસાને ખેંચી લાવે, જ્યાં હોય ત્યાંથી ખેંચી લાવે. ઉનાળાનો સ્વભાવ વધતો વધતો જાય, તે ચોમાસાને ખેંચી લાવે. માટે ભડકી મરવા જેવું નથી.

એટલે આ સંસારનો સ્વભાવ એવો છે કે મોક્ષ તરફ લઈ જાય આપણને. મોક્ષને ખેંચી લાવે છે. સંસાર જેમ કડક વધારે થાય ને, એમ મોક્ષ વહેલો આવે. પણ કડક થાય ત્યારે આપણે બગડી ના જવું જોઈએ, સ્ટેજ ઉપર રહેવું જોઈએ. સાચા ઉપાય કરવા જેવું છે, ખોટા ઉપાય કરવાથી પાછું પડી જાય. દુઃખ પડ્યું એટલે એમ જ માનવું કે મારા આત્માનું વિટામીન મળ્યું અને સુખ પડ્યું એટલે દેહનું વિટામીન મળ્યું. એવી રીતે ચાલવાનું. એ રોજેય વિટામીન મળે આપણને. અમે તો એવું માનીને ટેસ્ટથી ચાલેલા નાનપણથી. તું તો એક જ જાતના વિટામીનને વિટામીન કહું, એ બુદ્ધિનું વિટામીન છે. જ્ઞાન બન્નેને વિટામીન કહે છે. એ વિટામીન સારું કે લોકો ખૂબ જમવાનું હોય તોય તપ કરે છે. સરસ બધું શાક-બાક હોય તોય તપ કરે છે. તપ કરે છે એટલે શું, કે દુઃખ વેદે છે. તો આત્માનું વિટામીન મળે. એ બધું સાંભળવામાં નથી આવ્યું તમારે ?

**પ્રશ્નકર્તા :** હા, આવ્યું છે, દાદા.

**દાદાશ્રી :** તે આ તો એની મેળે ઘેર બેઠા મળે છે.

### કબીરને મળી તેવી મળે તો પૈણાય

તેથી કબીર સાહેબે કહ્યું ને, કે આવી મળે તો પૈણજે.

**પ્રશ્નકર્તા :** કેવી મળે તો ?

**દાદાશ્રી :** કબીર સાહેબને સ્ત્રી (પત્ની) હતી. તમને ટાઈમ હોય તો વાત કરું કબીર સાહેબની, એ બધી વાતો કહેવાય !

**પ્રશ્નકર્તા :** હાજી, કરો ને !

**દાદાશ્રી :** એટલે કબીર સાહેબ પોતે ધોળે દિવસે બપોરે કાપડ વણતા હતા. વણકરનો ધંધો ને, તે પણ ઝૂંપડીની બહાર. ઝૂંપડી તો નાની, એમાં શી રીતે કાપડની શાળ કરાય ? લાંબી જોઈએ, એટલે ઝૂંપડીની બહાર તડકામાં એક ઝાડ હતું. તે થોડીવાર ઠંડક આવે, પણ આખો દહાડો તડકામાં આમ ઠકાઠક ઠકાઠક કર્યા કરે.

એક એમનો શિષ્ય હતો. તે વીસ વર્ષનો થયો ત્યારે પૂછવા આવ્યો, તે કહે, સાહેબ, મારા વિવાહ કરવાનું પૂછવા આવ્યા છે માણસો, તે મારે પૈણવું કે ના પૈણવું એ મને કંઈક કહો. તે સાહેબ એને ગાંઠ્યા નહી. સાહેબ તો વાતો સાંભળીને એમની શાળ ઠકાઠક ઠકાઠક કરે અને બીજી જ વાતો કર કર કરે. પેલો પૂછે છે એને ઉડાડી-કરીને પછી બીજી જ વાતો કરે. એમ કરતા કરતા ચોવીસ વર્ષનો થયો ત્યાં સુધી છે તે આમણે જવાબ ના આપ્યો. એટલે ચોવીસ વર્ષનો થયો ત્યારે લોક શું કહે છે, હવે તું મોટો થયો તે રહી જઈશ પછી. માટે પૈણી નાખ ઝટપટ. એટલે એ કંટાળી ગયો કે હવે જો નહીં પૈણીશ તો રખડી મરીશ.

એટલે ત્યાં સાહેબને શું કહે છે કે સાહેબ, મને કાં તો ના કહી દો ને કાં તો હા કહી દો, બેમાંથી એક કહી દો. હવે સાહેબ, મારાથી લાંબું નહીં નભે. એટલે સાહેબ સમજી ગયા કે અકળાઈ ઊઠ્યો છે આ છોકરો.

કબીર સાહેબ એમની ઝૂંપડીની બહાર બેઠા'તા. ઝૂંપડીની બહાર શાળો ગોઠવેલી હતી. શાળના માટે આમ ખાડો કરવો પડે. તે ખાડામાં પગ હોય અને પગ પછી આમ થચાટ, થચાટ, થચાટ, થચાટ કર્યા કરે. ઉપર શેડ-બેડ કશુંય નહીં, ઝૂંપડીય નહીં. ઝૂંપડી તો અહીં પાછળ રહી. તે પેલા છે તે ત્યાં શાળોનું કાપડ વણે. ત્યાં આગળ પેલો શિષ્ય આવીને બેઠો. કહે છે, 'આજ તો ચોખ્ખું કહી દો. મારે તો પૂછવા આવનારા જતા રહે છે. હવે છેલ્લી વાર પૂછવા આવું છું. ઘરવાળા બધાએ કહેલું કે હવે છેલ્લી વાર પૂછજે. હવે પૂછવા નહીં આવું. એટલે તમે જે તે કહો, કાં તો ના કહો તો ના પૈણું અને તમે કહો તો પૈણું, નહીં તો નહીં પૈણું.' તે કબીર સાહેબ તો આ પેલો બોલ બોલ કરે પણ કંઈ બોલતા નથી. પછી પેલાએ બીજી વખત પૂછ્યું. થોડીવાર થઈને રાહ જોઈને કહે, 'સાહેબ, મારું કંઈક બોલો ને, આ તમે તમારું વણ વણ કર્યા કરો છો, પણ મારું કશું બોલતા નથી.' તોય કબીર સાહેબે પાછું સાંભળ્યું અને થોડીવાર પછી થચાટ થચાટ કરવા માંડ્યા. એમને પેલો શિષ્ય અકળાયો નહીં, પણ શિષ્યના મનમાં એમ થયું કે આવું કેમ કરે છે તેઓ ? એટલે ત્રીજી વખત ઊઘરાણી કરીને, તોય કશું બોલ્યા નહીં. પછી એટલું બોલ્યા, 'અરે બીબીસા'બ', ત્યારે મહીંથી બીબી બોલી, 'હા, સા'બ !' 'અરે, દીવો લાવો જોઈએ.' હવે સવારના સાડા દસ થયેલા, અજવાળું ફર્સ્ટ ક્લાસ ! બીબીસાહેબને કહે છે, 'આ દીવો લાવો.' તે બીબીસાહેબ તો અંદરથી દીવો સળગાવવા ગયા. ખડિયો જ સ્તો. તે એક ખડિયો નહીં, બે ખડિયા લઈને આવ્યા.

પછી કબીર સાહેબ જ્યાં આગળ એ કામ કરતા હતા, ત્યાં પાછળ બીબીસાહેબ આવીને ઊભા રહ્યા, બે ખડિયા આમ ઝાલીને ઊભા રહ્યા. હવે સાડા દસનું અજવાળું ને એની મહીં બે ખડિયા

બળ્યા કરે. પેલો શિષ્ય તો અજાયબ (આશ્ચર્યચકિત) થઈ ગયો કે આ શું છે તે ! મારું બોલતા નથી ને એમનું કર કર કર્યા કરે છે ! હવે બીબીએ બોલતા નહોતા કે હું આ ખડિયો આવી ને, તમે બોલતા કેમ નથી ? જાણે દીવી હોય ને એમ ઊભા રહ્યા. દીવી તમે જોયેલી ? હા. એની પર દીવો હોય પણ દીવાને કશું હલાવે નહીં, પાડી ના નાખે, કશુંય ના કરે. એમ દીવીની પેઠ પાછળ ઊભા રહ્યા. બોલતાય નથી કે આ તમે દીવો મંગાવ્યો તે આવ્યો, બહેરા છો કે ? એવું કશું બોલતા નથી.

પછી કબીર સાહેબ પાછળ જોઈને કહે, 'ઓહોહો ! તમે આવ્યા છો !' ત્યારે પેલા કહે, 'હમણે આવી છું.' ત્યારે કહે, 'હવે જરૂર નથી. લઈ જાઓ.' એટલે પેલા પાછા ગયા. ત્યાર પછી પાછું હતું તે થચાટ થચાટ કરવા માંડ્યા.

પેલાને કશું ખબર ના પડી. પેલો તો જાણે કે એમની બીબીની જ વાત કર્યા કરે છે, મારી વાત નથી કરતા. એટલે પછી પેલો શિષ્ય કહે છે, 'સાહેબ, મારું કશું કહો ને, તમને જે ફાવે એ ! એમાં વાંધો નહીં ! ના કહો તો હું ના નક્કી કરી નાખું.' ત્યારે કબીર સાહેબ કહે, 'મેં કહ્યું ને તને !' ત્યારે પેલો કહે, 'તમે કશું બોલ્યા નથી, ચોક્કસ કહું છું હું.' ત્યારે કબીર સાહેબ કહે 'આ જે (અમારી બીબી) છે ને, એવી મળે તો પૈણજે. નહીં તો પૈણીશ નહીં.' તે પેલાને સમજણ શું પડે, આમાં કેવી આ બીબી ? એ જાણે કે 'આ જાડી છે', એટલે એમ કહે છે કે 'આ જાડી છે એવી તું પૈણજે (!) પાતળી ના લાવીશ.' એટલે પછી કબીર સાહેબ હાક પાડી કે ''જાડી-પાતળી ના જોઈશ, કાળી-ગોરી ના જોઈશ, આવી હોય તો પૈણજે. આવી એટલે જો મેં ધોળે દહાડે કહ્યું, 'દીવો લાવ,' તો બીજી બૈરી હોય ને તો કહેશે, 'તમારી આંખો ફૂટેલી છે તે અહીં દીવો મંગાવો છો. આંધળા મૂઆ છો ? બહાર આટલા અજવાળામાં શું જોઈને દીવા મંગાવો છો ? શરમ નથી આવતી ?' એવું મહીંથી ગાળો જ દે દે કર્યા કરે. પણ આ તો જુઓ, અક્ષરેય બોલ્યા નથી, ને એક દીવો મંગાવ્યો તે બે દીવા લઈને આવ્યા ને તે પાછા આમ આવીને વિનયપૂર્વક ઊભા રહ્યા. પાછળથી અક્ષરેય દુઃખ ના દીધું. આવી મળે તો પૈણજે.'' ત્યારે કહે, 'સાહેબ, આવી તો મળે જ નહીં.' ત્યારે કબીર સાહેબ કહે, 'પૈણ્યા વગર રહે ને, મૂઆ ! કુંવારો પડી રહે ને છાનોમાનો. હજુ શી આબરૂ બગાડવી, તેના કરતાં પડી રહે ને !' શું કબીર સાહેબ ખોટું કંઈ કહે છે આમાં ? અને કોઈક પુણ્યશાળી હોય તો મળી જાય મહીં !

કેટલાક લોકો તો આવીને મને કહી ગયેલા કે 'દાદા, મારે ઘેર તો વહુ સાપણ જેવી છે ! તે બચકાં હઉ ભરે છે !' હવે આવી ફસામણ તે શું થાય ? ક્યાં જાય ? કબીર સાહેબની વહુ તે કેવી ? એક અક્ષરેય બોલી નહીં, નહીં તો બીજી હોય તો બૂમો પાડે કે 'આંધળા મૂઆ છો ! અત્યારે બપોરે દીવો માગો છો, તે દેખાતું નથી ?' પૈણ્યા પછી છોડવાનું હોય તો બહુ વસમું થાય ને ? અને વાંકી મળે પછી તો આ વાસણને જેમ હિંગનો પાસ લાગે છે ને તે છ મહિના સુધી એ વાસણમાં હિંગનો પાસ સોડ્યા કરે ! એવું એક જ અવતાર વાંકી મળી તે શું થાય ? કેટલાય અવતાર બગાડી નાખે ! નાસીયે ના જવાય. અમારે વડોદરામાં એક ભાઈ હતા, તે વહુથી કંટાળીને નાસી ગયા. દિલ્હીમાં મહારાજ પાસે દીક્ષા લઈ લીધી. તે એની વહુ એવી કે ઠેઠ દિલ્હીથી એમને તેડી લાવી !

આવું સાંભળે એટલે પોતે નક્કી કરે ને ! અનુભવ એટલે શું ? વાત તો સાંભળવી જોઈએ ને ? પૈણી ગયા માટે પૈણવાની વાત ના સાંભળવી એવું ક્યાં લૉ (કાયદો) છે ? જો કબીર સાહેબે સારું કહ્યું છે ને ? કેવી મળી હતી, કબીર સાહેબ ને !

પતિને પરમેશ્વર માનીને તે આજ્ઞા પાળે છે,

એ સ્ત્રીનો મોક્ષ થાય કે ના થાય ? ત્યારે કહે છે, પંદર અવતારમાં તો જરૂર થાય.

**પ્રશ્નકર્તા :** પતિ પણ પરમેશ્વર જેવો હોવો જોઈએ ને ?

**દાદાશ્રી :** હા, પતિ એ ઢીકો મારતો હોય, તો શી રીતે પરમેશ્વર માને ? પરમેશ્વર ઢીકો મારતા હશે ? કબીરો મારતો હશે બીબીને ? મારે તો આવી દશા હોય ? આ તો થપ્પડ મારી દે. પહેલું રામ થવું પડે, તો એ સીતા થાય. આપણા લોકો તો એમ ને એમ, 'તું સીતા થઈ જા, સીતા થઈ જા', કહેશે. તમારેય જો મેળ પડે તો, 'આના જેવી મળે તો પૈણી જવું, નહીં તો નહીં. બીજાની જોડે પૈણવું જ નહીં.' એવું નક્કી કરી નાખવાનું !

આ તો રસ્તે ચઢેલા, એ રોડ ઉપર ચઢેલા, પછી પાછા આવવાનું તો બહુ થાક લાગે ને, બળ્યું ! અને પેલો તો રોડ ઉપર ચઢ્યો જ નહીં ને ત્યાં આગળ. આ તો એ રોડ ઉપર ચઢેલા અને એય આના જેવી મળે તો પૈણવું, નહીં તો પૈણવા જેવું નથી.

મનેય હીરાબા મળ્યા છે, છોત્તેર વર્ષના છે, તે મનેય એવા મળ્યા છે ! નથી મને કોઈ દહાડો હેરાન કર્યો. અમારે તો ચાલીસ વર્ષથી તો મતભેદ જ નથી પડ્યો. મતભેદ પડે ત્યારે ભાંજગડ ને !

કબીર સાહેબને કેવી મળી ને લોકોને કેવી મળી ! જો જુદી જુદી જાતની મળે છે ને ! કબીર સાહેબે ધોળે દહાડે દીવા મંગાવ્યા, તે દીવા બહાર લઈને આવ્યા. એક મંગાવ્યા તો બે લઈને આવ્યા. આવી મળતી હોય તો પૈણવામાં વાંધો નથી કોઈને.

**પ્રશ્નકર્તા :** દહાડે તો શું પણ રાતે દીવો મંગાવીએ, તોય કહે કે ભાળતા નથી ? બેતાળા આવ્યા છે, એવું કહે.

**દાદાશ્રી :** તેથી કબીર સાહેબે કહ્યું'તું, આવી મળે તો પૈણજે, નહીં તો પૈણીશ નહીં. પૈણવા જેવું નથી જગત !

**પ્રશ્નકર્તા :** હવે આ તો ગોળ હતો કે ચાખીને લઈ લઈએ ? આ તો કંઈ ચખાય એવું છે ?

**દાદાશ્રી :** ના. એ તો બધાના હિસાબ ચૂકવાય છે. જેને જેવો જોઈએ ને, તે હિસાબ છે આ ! આ હિસાબમાં ફરી પાછી ડખલ ના થાય ત્યાંથી જ ચોખ્ખું થઈ જાય. સમભાવે નિકાલ કરી નાખે, તો થઈ ગયું ચોખ્ખું.

## પહેલા સારાને 'ના' કહી, પછી ભોગવ ફળ

પહેલા કંઈ સારું આવ્યું હોય ને ઉડાડી મેલ્યું એવું બન્યું નથી ?

**પ્રશ્નકર્તા :** એવું બન્યું છે.

**દાદાશ્રી :** તેનું આ ફળ છે. તને સમજ પડી ને ?

**પ્રશ્નકર્તા :** મેં બહુ ના પાડી છે, એટલે મને હવે પસ્તાવો થાય છે.

**દાદાશ્રી :** એક-બે કેસમાં આવું એને તરછોડ વાગેલી ને, તેનું આ બધું ફળ આવેલું છે. હવે એ ફળ તો ભોગવ્યે જ છૂટકો છે ને ! તે દા'ડે શા માટે એવું કરતી'તી કે મનમાં એવી ખુમારી રહેતી'તી ? ના, એમ નહીં, ખુલ્લું કર ને, એમાં વાંધો શો છે ?

**પ્રશ્નકર્તા :** મનમાં એવું હતું કે નથી જ કરવું એમ.

**દાદાશ્રી :** શું કારણથી નથી કરવું ?

**પ્રશ્નકર્તા :** કંઈ જ કારણ નહીં.

**દાદાશ્રી :** તને એવું લાગતું'તું, આ છોકરાંઓ બધા તડબૂચા જેવા છે ? ના, એક છોડીને એવું લાગતું'તું. છોડી મને મળીને તે કહે છે, આમાં ભલીવાર નથી લાગતો.

## પરણતા પહેલા, પૂછી જા દાદાને

તમને મુશ્કેલી આવે તો મારી પાસે આવવું ને કહી જવું કે આ મુશ્કેલી આવી છે !

**પ્રશ્નકર્તા :** હું તમને આવીને મારું દુઃખ કહું તો તમને ચિંતા થાય ને કે મારી છોડીને આવું દુઃખ પડ્યું !

**દાદાશ્રી :** મને ચિંતા થતી હશે ? અમને ચિંતા-બિંતા ના થાય. હા, એને ડાહ્યોડમરો કરી આપીએ.

**પ્રશ્નકર્તા :** પછી તમે મારા પપ્પાને કહો એટલે પછી પપ્પાને ચિંતા થાય.

**દાદાશ્રી :** ના, હું તારા પપ્પાને કહું જ નહીં ને ! હું તો આ પ્રાઈવેટ રાખું.

**પ્રશ્નકર્તા :** તો હું તમને બધી વાત કરીશ.

**દાદાશ્રી :** તું મને પ્રાઈવેટલી (ખાનગીમાં) કહે. મને જે કોઈ પણ માણસ પ્રાઈવેટલી કહી જાય, એ હું કોઈનેય નથી કહેતો. કશું જ કોઈ જાણે નહીં, નહીં તો એ માણસ તો આપઘાત કરે. પોતાની આબરૂ ગઈ તે બદલ. એટલે એવું કહેવાય નહીં કોઈનેય. અમે બધું આખી દુનિયાનું ખાનગી ભરી રાખ્યું છે, મહીં બધુંય સિલક ! આમ જોઉં એટલે ખબર પડી જાય કે આ પેલો આવ્યો હતો.

એટલે અમે તારા પપ્પાને, કોઈને કહીએ નહીં. મમ્મીનેય ના કહીએ ને પપ્પાનેય ના કહીએ. ઊલટું એમ કહીએ કે આનો ધણી, એ છોકરો બહુ સારો છે.

ઘડભાંજ-ભાંજઘડ એ અમારું કામ જ નહીં. તને એમ લાગ્યું કે આ 'દાદા' ભાંજઘડીયા છે, એમ ?

## શાદી કર્યા પછી પ્રોજેક્ટ શો ?

**પ્રશ્નકર્તા :** સંસાર વ્યવહારમાં પૂર્વના કર્મોદયે જે થયા હોય તે મુજબનું ચાલતું હોય બધું, એમાં કોઈ પ્રપંચ માલમ પડ્યો કે આપણી સામે આ પ્રપંચ થઈ રહ્યો છે, તો એની સામે કઈ ભૂમિકાથી ઊભા રહેવાય ? 'સમભાવે નિકાલ' કરવા માટે ?

**દાદાશ્રી :** વાંકો ધણી મળ્યો છે તો એને કેમ કરીને જીતવો ? કારણ, પ્રારબ્ધે લખેલો તે છોડે નહીં ને ! ને આપણું ધાર્યું થાય નહીં એવું આ જગત ! તો મને કહી દે જે કે, 'દાદા, ધણી આવો મળ્યો છે.' તો તરત જ હું તને બધું રિપેર કરી આપીશ અને તને ચાવી આપી દઈશ.

ઔરંગાબાદમાં એક મુસલમાનની છોકરી આવી. મેં પૂછયું, 'શું નામ તારું ?' ત્યારે કહે, 'દાદાજી, મારું નામ મશરૂર.' મેં કહ્યું, 'આવ, અહીં બેસ પાસે, કેમ આવી તું ?' ત્યારે કહે, 'મારો ભાઈ દાદાજીના બહુ જ વખાણ કરે છે ! દાદાજી, દાદાજી, દાદાજી, દાદાજી ! ત્યારે મારા મનમાં એમ થયું કે દાદાજી તે કેવા હશે ?' ત્યારે મેં કહ્યું, 'આ છે એવા, જો ને આ દાદાજી છે !' એ જાણે કે દાદાજી કેવા પટિયાં પાડતા હશે !' ને કેવા થોભિયા રાખ્યા હશે ને કેવા અહીં આગળ ! એનો ભાઈ શાથી વખાણ કરે ? એના ભાઈને જ્ઞાન આપ્યું હતું. તે પછી જ્ઞાન લઈને અહીંથી સીધો ઈરાક ગયો. ઈરાક દસેક હજાર રૂપિયાનો પગાર મળતો હશે. તે એની બેન પૈણવાની થઈ ત્યારે પાછો આવ્યો. હવે અહીંથી જ્ઞાન લઈને ગયો, પછી મને મળેલો જ નહીં. પણ પાછો આવ્યો ત્યારે ઘેર આવીને દાદાજીના વખાણ કરવા માંડ્યો, કે 'દાદાજી છે ને મારે દાદાજીના દર્શન કરવાના છે.'

**પ્રશ્નકર્તા :** એ કહે છે, ઈરાકનું યુદ્ધ ચાલતું હતું. તે વખતે આજુબાજુ બધે બોમ્બાર્ડિંગ થયા, તે વખતે બધે સળગે, પણ મને કશી અસર નહોતી થઈ. દાદાજીનું જ્ઞાન હાજર રહ્યું કે 'વ્યવસ્થિત છે, હું શુદ્ધાત્મા છું.'

**દાદાશ્રી :** હા, ત્યાં દાદાજી હાજર રહેતા હતા. તે પછી એની બેન તો ભડકી કે એવા કેવા દાદાજી ત્યાં રક્ષણ કરે છે ? એટલે એની બેન આવી દર્શન કરવા કે તારા ગુરુ કેવા છે, તે મારે જોવા આવવું છે. એ 'જ્ઞાની પુરુષ' કેવા છે ! તે આવી. પછી આવીને એના મનમાં ઠીક લાગ્યું, જરા જોતાની સાથે જ ઠીક લાગ્યું, અંતર ઠર્યું એનું કે ખુદાના આસિસ્ટન્ટ જેવા તો લાગે જ છે એ ! એને લાગ્યું એટલે પછી બેઠી. પછી બીજી વાતો નીકળી.

પછી મેં કહ્યું, 'શું કરું છું તું ?' ત્યારે કહે, 'હું લેક્ચરર છું.' ત્યારે મેં કહ્યું, 'શાદી-બાદી કરી કે નથી કરી ?' ત્યારે કહે, 'ના, શાદી કરી નથી, પણ વિવાહ થયેલા છે.' મેં કહ્યું, 'ક્યાં થયેલા છે, મુંબઈમાં ?' ત્યારે કહે, 'ના, પાકિસ્તાનમાં.' 'પણ હવે ક્યારે પૈણવાની છું ?' ત્યારે કહે, 'હવે છ મહિનામાં જ.' મેં કહ્યું, 'કોની જોડે ? ધણી કેવો ખોળી કાઢ્યો છે ?' ત્યારે કહે, 'લૉયર (વકીલ) છે.'

પછી મેં કહ્યું, કે 'એ ધણી કરીને પછી તને કંઈ દુઃખ નહીં આપે ? અત્યારે તને કશું દુઃખ છે નહીં અને ધણી કરવા જઈશ ને ધણી દુઃખ આપશે તો ?' પછી મેં કહ્યું, 'એની જોડે શાદી કર્યા પછી તારો પ્રોજેક્ટ શો છે ? એની જોડે શાદી થઈ પહેલા તું પ્રોજેક્ટ તો કરી રાખે ને, કે એની જોડે આવી રીતે વર્તવું ? કે ના કરી રાખે ? ત્યાં પૈણ્યા પછી શું કરવાનું તેની તે કંઈ તૈયારી કરી રાખી મેલી છે કશી ? પૈણ્યા પછી એ લૉયર જોડે મેળ કેમ પડશે કે નહીં તેની ?

ત્યારે એ કહે છે, 'મેં બધી તૈયારી કરી રાખી છે. એ જરાક આમ બોલશે તો હું સામો આવો જવાબ આપીશ, એ આમ કહેશે તો હું આમ કહીશ, એ આમ કહેશે તો એક-એક બધા જવાબો મારી પાસે તૈયાર છે.'

આ જેટલી રશિયાએ તૈયારી કરી નાખી છે ને, એટલી જ તેં તૈયારીઓ કરી રાખી છે. ફૂલ તૈયારીઓ બન્ને જણાએ. તે આ મતભેદ પાડવાની જ તૈયારીઓ કરી રાખી હતી. પેલો ઝઘડો કરે તે પહેલા જ ફોડે ! જેમ આ અમેરિકાની સામે રશિયાએ બધી તૈયારી રાખી મેલી છે ને, એવી એણે તૈયારી રાખેલી કે એ આમ સળગાવે તો આપણે આમ સળગાવવાનું. એટલે જતા પહેલા જ હુલ્લડ ને ! એ આમ તીર છોડે, ત્યારે આપણે આ બાજુ છોડવાનું. એ આમનું છોડે, ત્યારે આપણે આ બાજુ છોડવાનું. મેં કહ્યું, આ તો કોલ્ડવૉર (શીતયુદ્ધ) તેં ઊભું કર્યું. ક્યારે શમે એ ? કોલ્ડવૉર બંધ થાય ખરું ? આ જુઓને, બંધ થતું નથીને મોટા સામ્રાજ્યવાળાને રશિયા-અમેરિકાને !

આ છોકરીઓ બધું એવું કરે, એ ગોઠવી રાખે બધું. આ છોકરાંઓ તો બિચારા ભોળા ! છોકરાંઓ એ ગોઠવે-કરે નહીં અને તે ઘડીએ છે તે અવસ્થાનો માર ખાઈ જાય, ભોળા ખરા ને !

આ તમે જે કહો છો ને, પ્રપંચ સામે તૈયારી શું કરી રાખવાની ? પણ પેલી બાઈએ તો તૈયારી બધી કરી રાખેલી, બોમ્બાર્ડિંગ બધું જ. એ આમ બોલે તો એટેક, આમ બોલે તો એટેક. બધી જ તૈયારી રાખી મેલી છે ! પછી એને મેં કહ્યું, 'આ કોણે શીખવાડ્યું છે તને ? કાઢી મેલશે ને ડાયવોર્સ લઈ લેશે અને પેલો આપી દેશે તલ્લાક !' તલ્લાક આપી દે કે ના દે ? મેં કહી દીધું કે 'આ રીતથી તો છ મહિનામાં તલ્લાક મળશે. તારે તલ્લાક લેવા છે ? આ રીત ખોટી છે.' પછી મેં એને કહ્યું, 'તલ્લાક તને ના આપે, એટલા માટે તને શીખવાડું.'

ત્યારે કહે, 'દાદાજી, એ ના કરું તો શું કરું ? નહીં તો એ તો દબાવી દે.' મેં કહ્યું, 'એ શું દબાવવાનો હતો ? લૉયર ભમરડો એ તને શું દબાવવાનો હતો ?' પછી મેં કહ્યું, 'બેન, મારું કહેલું માનીશ ? તારે સુખી થવું છે કે દુઃખી થવું

છે ? બાકી જે બઈઓ બધી તૈયારી કરીને એના ધણી પાસે ગયેલી, પણ છેવટે દુઃખી થયેલી. તું મારા કહ્યાથી જા ને, બિલકુલેય કશી તૈયારી કર્યા વગર જા.' પછી એને સમજાવ્યું.

## સોદા કરવાના છે પ્રેમના

ઘરમાં રોજ કકળાટ થાય ત્યારે વકીલ કહેશે, 'મૂઈ બળી, એના કરતા બીજી લાવું.' એમાં પાછા ટિટ ફોર ટેટ (જેવા સાથે તેવા) છે આ ? પ્રેમના સોદા કરવાના છે ત્યાં આવું ? સોદા શાના કરવાના છે ?

**પ્રશ્નકર્તા :** પ્રેમના.

**દાદાશ્રી :** પ્રેમના. ભલે આસક્તિમાં હોય પણ કંઈક પ્રેમ જેવું છે ને ! એની ઉપર દ્વેષ તો નથી આવતો ને ! મેં કહ્યું, 'આવું ના કરાય. તું તો એમ ભણેલી એટલે આવી તૈયારીઓ કરી રાખું છું ? આ વૉર (યુદ્ધ) છે ? હિન્દુસ્તાન ને પાકિસ્તાનનું વૉર છે આ કંઈ ? અને જગતમાં એ જ કરી રહ્યા છે બધા. આ છોડીઓ-બોડીઓ, છોકરાંઓ બધા એ જ, પછી એ બન્નેનું જીવન બગડે. પછી એને સમજણ પાડી બધી.

ધણી જોડે આવી રીતે વર્તન કરવું જોઈએ. આવી રીતે એટલે એ વાંકાં થાય તો તું સીધી ચાલજે. એનું સમાધાન કરવું જોઈએ, ઉકેલ લાવવો જોઈએ. એની બાઝવાની તૈયારીમાં આપણે એકતા રાખવી જોઈએ. એ જુદું પાડે તોય આપણે એકતા રાખવી જોઈએ. એ જુદું પાડ પાડ કરે તોય કહેવું કે આપણે એક છીએ. કારણ કે આ બધી રિલેટિવ સગાઈઓ છે, એ ફાડી નાખે તો આપણે ફાડી નાખીએ તો છૂટી જાય કાલે સવારે. એટલે તલ્લાક આપી દેશે. ત્યારે કહે, 'મારે શું કરવાનું ?' મેં એને સમજણ પાડી, એનો મૂડ જોઈને ચાલવાનું, કહ્યું. એનો મૂડ જોજે અને ત્યારે મૂડમાં ના હોય, તો આપણે અંદર 'અલ્લાહ'નું નામ લીધા કરવું અને મૂડ ફરે, એટલે આપણે એની જોડે વાતચીત ચાલુ કરવી. એ મૂડમાં ના હોય અને તું સળી કરું, એટલે ભડકો થશે કંઈ !

એને નિર્દોષ તારે જોવા. એ તને અવળું બોલે તોય તારે શાંતિ રાખવી. પ્રેમ સાચો હોવો જોઈએ. આસક્તિમાં તો છ-બાર મહિનામાં પછી પાછું તૂટી જ જવાનું. પ્રેમ સહનશીલતાવાળો હોવો જોઈએ, એડજસ્ટેબલ હોવો જોઈએ.

તે મશરૂરને મેં તો ભણાવી દીધી, એવી ભણાવી દીધી. મેં કહ્યું, ''કશુંય નહીં, એ આમનું તીર ઠોકે તો આપણે સ્થિરતા પકડીને 'દાદા, દાદા' કર્યા કરજે. ફરી આમનું તીર ઠોકે તો સ્થિરતા પકડીને 'દાદા, દાદા' કરજે. તું એકુંય ના ફેંકીશ'', મેં વળી વિધિ કરી આપી.

પછી પૂછયું, કે 'તારે ઘરમાં કોણ કોણ છે ?' ત્યારે કહે, 'મારે સાસુ છે.' 'સાસુ જોડે તું કેમનું એડજસ્ટમેન્ટ લઈશ ?' તો કહે, 'એની જોડેય હું પહોંચી વળીશ, સાસુને.'

પણ પછી મેં એને સમજણ પાડી ને, પછી કહે છે, 'હા, દાદાજી, મને ગમી આ બધી વાત.' 'ત્યારે તું આ પ્રમાણે કરજે તો તલ્લાક ના આપે, ને સાસુ જોડેય રાગે પડે.' અને પછી એક સુખડની માળા લાવી હતી. તે માળા મને પહેરાવી. મેં કહ્યું, 'આ માળા તું લઈ જજે અને ત્યાં આગળ મૂકી રાખજે અને માળાના દર્શન કરીને પછી આ તારો વ્યવહાર ચલાવજે. ધણી જોડે તારો વ્યવહાર છે તે આ રીતે કરજે તો બહુ સુંદર ચાલશે.' તે માળા અત્યારેય મૂકી રાખી છે.

## પ્રપંચથી તૂટે ચારિત્રબળ

એને ચારિત્રબળની વાત કરેલી. એ ધણી ગમ્મે તે બોલે, ગમ્મે એવું તને કરે, તોય તે ઘડીએ તું મૌન પકડું અને શાંત ભાવે જોયા કરું, તો

તારામાં ચારિત્રબળ ઉત્પન્ન થશે અને એનો પ્રભાવ પડશે એના ઉપર, લૉયર હોય તોય. એ ગમે તેવું વઢે, તો તું દાદાનું નામ લેજે અને સ્થિર રહેજે ! એને મનમાં એમ થશે કે આ કેવી છે ! આ તો હારતી જ નથી. પછી એ હારે. એણે કર્યું પણ એવું, છોકરી એવી હતી. દાદા જેવા શીખવાડનાર મળે તો પછી શું રહ્યું હવે ! નહીં તો એડજસ્ટમેન્ટ આવું હતું પહેલું, રશિયા ને અમેરિકા જેવું. તરત ત્યાં બટન દાબતાની સાથે સળગે બધું, હડહડાટ. આ તો કંઈ માણસાઈ છે ? શેને માટે ડરો છો ? શેને માટે જીવન હોય ? સંજોગો જ એવા છે તે, હવે આ શું કરે તે ? સંજોગો એવા છે પાછા !

એને આ જીતવાની તૈયારી કરે છે ને, તે ચારિત્રબળ લૂઝ (નબળું) થઈ જાય. અમે કોઈ જાતની તૈયારી ના કરીએ. બાકી ચારિત્રને વાપરવું, એને તમે તૈયારી કહો છો, પણ એનાથી તમારામાં જે ચારિત્રબળ છે એ લૂઝ થઈ જાય છે અને જો ચારિત્રબળ ખલાસ થઈ જશે તો ત્યાં તારા ધણી આગળ તારી કિંમત જ નહીં રહે. એટલે એ બાઈને સારી સમજ પડી ગઈ. એટલે મને કહે છે કે 'દાદાજી, હવે હું કોઈ દહાડોય હારીશ નહીં, આવી ગેરેન્ટી આપું છું.'

આપણી સામે કોઈ પ્રપંચ કરતું હોય ને એમાં સામી તૈયારી કરીએ ને, તો આપણું ચારિત્રબળ તૂટી જાય. એ ગમે એટલા પ્રપંચ કરે તો પોતાના પ્રપંચથી પોતે જ ફસાય છે. પણ જો તમે છે તે તૈયારી કરવા જશો તો તમે જ એના પ્રપંચમાં ફસાશો. અમારા સામું તો બધા બહુ લોકોએ પ્રપંચ કરેલા. પણ એ પ્રપંચીઓ ફસાયેલા. કારણ કે અમને કશુંય એક ઘડીવાર વિચાર ના આવે. નહીં તો તૈયારી કરવાના વિચાર આવે ને, તોય આપણું ચારિત્રબળ તૂટી જાય, શીલવાનપણું તૂટી જાય.

## શીલ ક્યારે ઉત્પન્ન થાય ?

શીલવાન એટલે શું ? એ ગાળો દેવા આવ્યો હોય ને, તે અહીં આવે ને બેસી રહે. આપણે કહીએ કે કંઈક બોલો, બોલો ને ! પણ એનાથી અક્ષરેય બોલાય નહીં. એ શીલનો પ્રભાવ ! એટલે આપણે તૈયારી કરીએ ને, તો શીલ તૂટી જાય. એટલે તૈયારી નહીં કરવાની. જેને જે કરવું હોય તે કરો. 'બધે હું જ છું', કહીએ.

**પ્રશ્નકર્તા :** પણ એ આપણને ખેંચી જવાના પ્રયત્નો થતા હોય તો ?

**દાદાશ્રી :** એ ગમે તે ખેંચી જવાનું કરે પણ આપણે નથી ખેંચાવું, તો એ ગમે તે કરે ને, એનું કશું ચાલવાનું નથી !

**પ્રશ્નકર્તા :** પણ એ નથી ખેંચાવું એટલા સંકલ્પમાં તો રહેવું જ પડે ને ?

**દાદાશ્રી :** નહીં, એ નથી ખેંચાવું એ આપણે આપણા સ્વાધિન જ રહેવું.

**પ્રશ્નકર્તા :** એટલે આપણી સહજસ્થિતિમાં જ રહેવું ?

**દાદાશ્રી :** હા, સહજસ્થિતિમાં જ અને સંજોગવશાત્ જવું પડે, આવું કંઈ ખેંચાવું પડે, તો ફરી એ બાબતમાં આપણે લપ્પન-છપ્પન નહીં રાખવાની.

**પ્રશ્નકર્તા :** તન્મયાકાર ન થવું ?

**દાદાશ્રી :** એમાં બિલકુલેય તન્મયાકાર નહીં થવાનું. પહેલું શીલવાનપણું ઉત્પન્ન થવા દો. આ 'જ્ઞાન' આપ્યા પછી માણસ દહાડે દહાડે શીલવાન થતો જાય. જેને આ બહાર પ્રભાવશાળી કહે છે એ તો બહુ નાની વસ્તુ છે. એ તો આ બહારના માણસોનેય હોય છે. પણ શીલવાનપણું તો ભગવાન આગળેય પોતાની ઈન્ફિરિયારિટી કોમ્પ્લેક્સ ના લાગે. અને જેને ભગવાન આગળ ઈન્ફિરિયારિટી કોમ્પ્લેક્સ ના લાગે, તો પછી આ મનુષ્યો આગળ તો ના જ લાગે ને ? શીલવાન ! શીલ તો બધી

રીતે રક્ષા કરે. દેવલોકથી રક્ષા કરે, આ સાપ-જીવડાં ને બધા જાનવરોથી રક્ષા કરે, બધાથી રક્ષા કરે, માટે શીલની જ જરૂર છે.

અને શીલ ક્યારે ઉત્પન્ન થાય ? 'જ્ઞાની પુરુષે' જ્ઞાન આપ્યા પછી, પછી પોતાનો નવરાશનો ઉપયોગ શીલમાં કરે. શીલ એટલે સામો છે તે લડાઈની તૈયારી કરતો હોય તેની સામે આપણે લડાઈની તૈયારી નહીં. જે તૈયારીઓ કર્યા કરે છે એનું બધું લીકેજ છે, શીલનું આખું લીકેજ ! પછી શીલ ખલાસ થઈ જાય છે.

**પ્રશ્નકર્તા :** પણ આપણે આ શીલને જાળવવા માટે વાડ કરવી જોઈએ, કે જેથી બકરાં-ઘેટાં ચરી ના જાય ?

**દાદાશ્રી :** ના. આ શીલ એ તો વસ્તુ એવી છે ને કે, એને બકરાં-ઘેટાં તો ચરે જ નહીં, કોઈ કશું એને અડે નહીં, એનું નામ શીલ કહેવાય. એટલે આ શીલને તમારે સાચવવું ના પડે. કોઈ કહેશે કે રાતે કોઈ ચરી જાય તો ? એટલે પાછું જાગવું પડે ? અલ્યા, જાગવાનું નહીં. સૂઈ જાવ નિરાંતે. તમે આરામથી સૂઈ જાવ.

એવું છે કે કોઈ સંજોગોમાં છોકરો સામો થાય, વાઈફ કોઈ સંજોગોમાં સામી થાય, તે ઘડીએ તમે લપકા કરો તો તમારું શીલ ખલાસ થઈ જાય. એના કરતાં આપણે જોયા કરવાનું કે આ મશીન કંઈ બગડેલું લાગે છે ! તે કઈ બાજુથી મશીન બગડ્યું છે તે જોયા કરવું. નહીં તો આ લોક તો શું કરે કે 'તું આવી છું, તું તેવી છું' કહે એટલે થઈ રહ્યું, શીલ એનું ખલાસ થઈ ગયું ! અમને તો કોઈ લાખ ગાળો ભાંડે તોય અમે કહીએ કે 'આવ બા.' ત્યારે કોઈ કહેશે કે છોકરો સામો થાય છે તો અત્યારથી ડરાવીએ નહીં, તો તો પછી એ વધારે સામો થશે. ના, એ ડરાવવાથી તો તમારું શીલવાનપણું તૂટતું જશે ને તમારે નિર્બળતાઓ વધતી જશે અને છોકરો ચઢી બેસશે ! એટલે તમે જો એને ડરાવશો નહીં અને તમે એ સહન કરીને સાંભળી લેશો તો ધીમે ધીમે એ ટર્ન આઉટ થઈ જશે. એ આ શીલના પ્રભાવને લીધે ! બાકી આ નહીં જાણવાથી તો લોકો બિચારા માર ખાય છે !

પ્રપંચની સામું તૈયારી કરવા માટે આપણે નવા પ્રપંચ ઊભા કરવા પડે અને પછી આપણે સ્લિપ થઈ જઈએ ! આપણી પાસે એ હથિયાર જ નથી ને ! હવે એ હથિયાર આપણી પાસે નથી. એની પાસે તો એ હથિયાર છે તો એ ભલે કરે ને ! છતાં એ 'વ્યવસ્થિત' છે ને ! પણ તોય એનું હથિયાર એને વાગે, એવું 'વ્યવસ્થિત' છે !

એને સમજણ બધી મહીં ફીટ થઈ ગઈ. દાદાજીએ ડ્રોઈંગ કરીને આપ્યું. મને કહે છે, 'આવું ડ્રોઈંગ કહેવા માંગો છો ?' મેં કહ્યું, 'હા, એવું ડ્રોઈંગ !'

કહેવું પડે ! પછી છોડીએ એના બાપાને, માને વાત કરી. તે એના બાપા ડૉક્ટરને, તે દર્શન કરવા આવ્યા.

જો આમ તો દાદાજીને કંઈ વાર લાગે છે ? મશરૂર આવવી જોઈએ અહીં આગળ. આવી ગઈ તો ઑપરેશન થઈ ગયું હડહડાટ. જો કાયમ ત્યાં આગળ 'દાદાજી, દાદાજી' રોજ સંભારે છે ને !

## મોક્ષે પુગાડે એડજસ્ટ એવરીવ્હેર

તે અત્યારેય દર્શન કરી, સંસાર સરસ ચલાવે છે. (એણે) કહી દીધું કે દાદાએ મારો આખો સંસાર સુધાર્યો ! એ હવે લઢ્ઢાબાજીમાં ઊતરે નહીં. નહીં તો લૉયરને શું વાર લાગે ? વરસ દા'ડો થયો ને ઘરડી જેવી જરા દેખે કે તલ્લાક ! એમને તલ્લાક આપી દેવામાં વાર શી લાગે ? આ તમારે તલ્લાક આપવી હોય તો અપાય ?

**પ્રશ્નકર્તા :** ના અપાય.

**દાદાશ્રી :** ના અપાય, નહીં ? તે એ તો તલ્લાક આપી દે. આપણે તો આ મોક્ષમાર્ગમાં મદદ કરે છે ને કે હેરાન કરે છે ? તમે એમને મોક્ષમાર્ગમાં મદદ કરો છો કે હેરાન કરો છો ?

**પ્રશ્નકર્તા :** મદદ કરે છે, દાદા.

**દાદાશ્રી :** સળી કરતા હશો ?

**પ્રશ્નકર્તા :** ના, હવે સળી બંધ કરી દીધી.

**દાદાશ્રી :** ત્યારે સારું. મોક્ષે જવાને માટે મદદ કરવાની જરૂર છે, બે જણ હોય તો ! અને બે ના હોય તો એકલો હોય તો એકલો, પણ પછી બે હોય તો ઉત્તમ ને ! જોડીયું હોય તો તો સારું ને ? બે પૈંડા વગર ગાડું શી રીતે નભે તે ? ભલે ને 'ચકુર ચકુર' બોલતું હોય પૈડું, બે છે ને ? એટલે મશરૂરનું જીવન સુધરી ગયું.

કોઈ પાંસરો ના થાય તો હું તો કહી દઉં કે તારો આત્મા કબૂલ કરે, પણ તારે પાંસરું થવું નથી, તો નિરાંતે અમે હાર્યા છીએ ને તું જીત્યો. ઘેર રેશમી ચાદર લાવીને સૂઈ જા નિરાંતે જઈને. કારણ કે એને હરાવીને મોકલીએ તો ઊંઘ ના આવે મૂઆને આખી રાત ! તે આપણને દોષ લાગે. આપણા નિમિત્તે એમને ઊંઘ ના આવે તો આપણને દોષ લાગે ને ? એના કરતા આપણે હારીએ, એ શું ખોટું ?

**પ્રશ્નકર્તા :** દાદા, આ 'એડજસ્ટ એવરીવ્હેર' એ જે આપે કહ્યું, એને લીધે તો બધા ભલભલાનો નિકાલ આવી જાય !

**દાદાશ્રી :** બધા નિકાલ આવી જાય. અમારો એક-એક શબ્દ છે તે બધા નિકાલ જલ્દી લાવનારા, એ મોક્ષે લઈ જાય ઠેઠ. 'એડજસ્ટ એવરીવ્હેર !'

**પ્રશ્નકર્તા :** અત્યાર સુધી જ્યાં ગમતું'તું ત્યાં બધા એડજસ્ટ થતા'તા અને આપનામાં તો એવું લાગ્યું કે જ્યાં ના ગમતું હોય ત્યાં તું વહેલો એડજસ્ટ થા.

**દાદાશ્રી :** 'એવરીવ્હેર એડજસ્ટ' થવાનું છે.

## તરાશે જો રાખે 'જ્ઞાન' હૃદિયામાં

પૈણવા માટે વાંધો નથી. પૈણવું પણ સમજીને પૈણો, કે 'આવું જ નીકળવાનું છે.' એમ સમજીને પછી પૈણો. પૈણવાનો તો છૂટકો નથી અને કો'કને છે તે એવું ભાવ કરીને આવેલી હોય કે 'મારે દીક્ષા લેવી છે કે મારે બ્રહ્મચર્ય લેવું છે,' તો વાત જુદી છે. બાકી પૈણવાનું તો છૂટકો જ નથી. પણ પહેલેથી નક્કી કરીને પૈણીએ ને એ માહ્યરામાં, કે આવું થવાનું છે એટલે પછી ભાંજગડ નહીં, પછી આશ્ચર્ય ના લાગે. એટલે નક્કી કરીને પેસીએ અને સુખ જ માનીને પેસીએ, તો પછી નરી ઉપાધિ જ લાગે ! આ તો દુઃખનો સમુદ્ર છે. સાસુના ઘરમાં પેસવું એ તો કંઈ સહેલી વાત છે ! હવે ધણી કોઈ જગ્યાએ જ એકલો હોય કે એના મા-બાપ મરી ગયા હોય !

**પ્રશ્નકર્તા :** એ ના ગમે, દાદા. મારે સાસુ હોય તો સારું ! મારા છોકરાં રાખે.

**દાદાશ્રી :** ઓહોહો ! પછી બોલે ત્યારે કડવું લાગેય ખરું, નહીં ?

**પ્રશ્નકર્તા :** ના, વાંક હોય તો કહે, એમાં શું ?

**દાદાશ્રી :** હા, સાસુ હોય તો કહે, નહીં ? તો વાંધો નહીં. રીઢું થઈ જાય તો વાંધો નહીં. રીઢું થઈ જાય ને પછી માટલું ભાંગે નહીં. રીઢું થઈ ગયું હોય ! કાયમનું સુખ જોઈએ. સુખ આવું કેમ પોષાય ? ઘડીમાં મોઢું બગડી જાય પાછું. ચા મોળી આવે તો ફાવે કે બરોબર પદ્ધતિસર ગળી હોય તો ?

**પ્રશ્નકર્તા :** બરોબર હોય તે જ ફાવે ને ! મોળી કેમ ફાવે ?

**દાદાશ્રી :** એક ચા જેવી ચીજ આટલી બધી હેરાન કરે છે ! કેટલી ચીજોની પાછળ તારે રહેવાનું ? તને હેરાનગતિ કોણ નહીં કરે આમાંથી ? મને તો કોઈ ચીજ હેરાન નથી કરતી. ગળી આવે કે મોળી આવે, તારે જે આવવું હોય તે આવ. હું છું ગળ્યો ને ! બહુ ગળી આવે તો હું કહું કે હું મોળો છું ને ! કશો વાંધો નહીં. આવ, કહીએ. તારી પાસે કોઈ જાતનું સાધન નથી ? આ પતંગ ઊડાડું છું, તેનો દોરો તારા હાથમાં છે ને, કે એની મેળે છૂટો દોર ને ત્યારે તું કહે, 'મારી પતંગ, મારી પતંગ' એવું છે ! દોરો તારા હાથમાં છે ત્યારે ગુલાંટ કેમ ખાય છે ? હાથમાં દોરો હોય તો ગુલાંટ ખાય કે તેં ખેચ્યું, પાછું રેગ્યુલર આવી જાય ! હાથમાં દોરો નહીં ને કહેશે, 'મારી પતંગ ! મારી પતંગ !' ન હોય તારી ? તારા પપ્પાજીનો દોરો હાથમાં, તે હવે ગુલાંટ ખાય ને તરત ખેંચી લે, આવી જાય નહીં ?

તું પપ્પાને કહેતી'તી ને, તમે (ધર્મની બાબતે) સ્કૂલો બદલ બદલ કરો છો ! અહીં જાવ છો, આમ જાવ છો, તેમ જાવ, પાછા દાદા ખોળી કાઢ્યા ! તું એકુંય સ્કૂલમાં ગઈ નથી ? તો ભણી શી રીતે ?

**પ્રશ્નકર્તા :** એટલે સ્કૂલમાંથી કૉલેજમાં જતી'તી ને !

**દાદાશ્રી :** હા, પણ આ નવી સ્કૂલોમાં ગઈ નથી, નહીં ? જ્યાં પરવશતા જાય, ભય ના લાગે, ઉપરી ના હોય એવી બધી સ્કૂલોમાં ?

## વિરોધાભાસી વિચારો પાડે અંતરાય

બેન, તને (લગ્ન કરવાના કે) દીક્ષા લેવાના વિચાર આવે છે ?

**પ્રશ્નકર્તા :** કોઈક વાર આવે ને કોઈક વાર ના આવે.

**દાદાશ્રી :** એટલે લગ્ન કરવું છે એવો વિચાર આવે, પછી લગ્ન નથી કરવું એવો વિચાર આવે. એટલે પોતે જ ગુણાકાર કરનાર અને પછી એનો એ પોતે જ ભાગાકાર કરનાર, એટલે શેષમાં કશું રહે નહીં ! જો પૈણવું હોય તો એવા વિચાર આવવા દેવા જોઈએ ને પછી તેને ભાગવા ના જોઈએ અને ભાગવું હોય તો તેને ગુણવા ના જોઈએ. એટલે આ વિરોધાભાસી વિચાર છે. તને સમજાઈ આ વાત ? જો પૈણવું હોય તો પૈણવાના ભાવ, એક જ જાતના ભાવ રાખવાના. તો પેલો બીજો ભાવ ઉત્પન્ન થવો ના જોઈએ અને જો દીક્ષાનું કરવું હોય તો પૈણવાનો ભાવ ઉત્પન્ન જ ના થવો જોઈએ !

આ સંસારમાં ઘણાંખરાં દુઃખો આવા છે ! નહીં તો દુનિયામાં દુઃખ તો હોતું હશે ? આ તો પોતે જ સ્લેટ ઉપર ગુણાકાર માંડે અને પોતે જ ભાગી નાખે પણ શું રહ્યું એની પાસે ?

**પ્રશ્નકર્તા :** ઝીરો.

**દાદાશ્રી :** ઝીરો સમજતા હોય તોયે સારું. આ તો એટલીયે સમજણ રહી જ નથી ને ! આપણે અહીંથી માટુંગા જવું હોય તો પહેલો વિચાર આવે કે આપણે માટુંગા જઈએ. પછી ફરી મહીં આપણે વિચાર કરીએ કે ના, હમણે નથી જવું, બળ્યું ! ફરી પાછો વિચાર આવે કે માટુંગા જઈએ. પછી આપણે વિચાર કરીએ કે નથી જવું, તો શું થાય ? એમાં રહ્યું શું ? હવે ઘણોખરો માલ જ આવો થઈ ગયો છે ! એટલે બેન, તને સમજાયું કે આપણું હિતકારી શું અને અહિતકારી શું ?

ઘડીમાં કહીએ, 'ચાલો ખીચડી બનાવીએ.' થોડી વાર પછી કહીએ, 'ના, નથી બનાવવી.' તો ખીચડી ક્યારે બની રહે ? એટલે કાં તો નથી બનાવવી બોલ, કાં તો બનાવવી છે બોલ ! એક બાજુ પર આવી જા ને ! બે કિનારા સચવાય નહીં કોઈ દહાડોયે ! આ રોગ આખા હિન્દુસ્તાનમાં અરે, ફૉરેનમાં પણ ફરી વળ્યો છે !

અમારે તો અહીંથી જવાનું હોય અને ના જવાનો વિચાર આવે તો કહીએ, તમારે આવવું હોય તો સામટા આવો, તો અમે એક બાજુ આ કિનારે લઈએ ! નહીં તો મૂઆ, અહીં આવીશ નહીં ! બીજે ઘેર જા ! પછી ફાંસીએ જવાનું હોય તો જવાનું, બીજી ભાંજગડ નહીં અને નહીં તો નહીં જવાનું, એટલે નહીં જ જવાનું. એટલે એક જ બાજુના વિચારો ! અમારે તો એક બાજુનું જ હોય. અમે સરળ, મૃદુ-ઋજુ હોઈએ. એકુંય અપલખણવાળા ના હોઈએ !

બેન, તને ભૂલ સમજાઈ ને ? એવી એક ભૂલ ભાંગે તો ભગવાન કહેવાય ! એક જ ભૂલ જે ભાંગી આપે તે ભગવાન કહેવાય ! પોતાની ભૂલ પોતાથી, કોઈથીયે ભંગાય નહીં !

તું વિરોધાભાસ બોલી એ જ તારા અંતરાય ! હવે એનું ફળ આવતા સુધી એ જંપે નહીં ! આ અંતરાય જલદી તૂટે એટલા માટે તને અમે વિધિ કરી આપીશું. અંતરાય એટલે કુદરતમાં હસ્તક્ષેપ કરવો, એનું નામ અંતરાય ! શાક લેવા જવું કે ના જવું એવા બે બાજુના વિચાર આવે ને ?

આ શાકવાળી હોય છે તે ચીમળાયેલું, પાકું લાલ થઈ ગયેલું શાક વેચતી હોય, તે આપણા મનમાં એમ થાય કે આ શાકને કોણ લેશે ? તે હું આવો સ્ટડી કરવા ત્યાં ઊભો રહું, તે કલાક-દોઢ કલાક થાય ત્યારે એક ઘરાક આવીને બધું લઈ જાય. કારણ કે નિયમ કેવો છે કે વેચવા બેસે છે તેનો કોઈ માલ પડી રહેલો નહીં ! એ માર્કેટમાં તમે તપાસ નથી કરતા ? સારો માલ વખતે પડી રહે પણ અવળો તો વેચાઈ જ જાય ! એટલે આ માર્કેટમાં ગમે તેવો માલ વેચાઈ જાય છે, તો દુનિયામાં આ માલ વેચાયા વગર રહેતો હશે કંઈ ? આ તો આપણા અંતરાય કર્મ નડે છે ! હવે અંતરાય ના નાખીશ અને વાંચજે, ભણજે નિરાંતે. ચિંતા કરવાની કોઈ જરૂર નથી. હંમેશાં કોઈ છોકરી હોય તેના લગ્ન કરવા માટે કોઈ છોકરાનો નવો જન્મ આપવો પડે છે ?

**પ્રશ્નકર્તા :** ના, જન્મેલો જ હોય.

**દાદાશ્રી :** જન્મ આપવાનો હોય ને, તો તો પાર જ ના આવે ! ક્યારે એને જન્મ આપે અને ક્યારે આપણો દહાડો વળે ? પણ એ જન્મેલો જ છે ને ! એટલે એની કશાની વરિઝ (ચિંતા) કરવા જેવી નથી. જે જન્મેલો જ છે, ફક્ત ટાઈમિંગ ખૂટે છે ! તે આ વિરોધાભાસી વિચારને લીધે બેન તને અંતરાય પડેલા ! હવે એવો વિરોધાભાસ ના રાખીશ. એક જ બાજુના વિચાર રાખવા. બીજો વિરોધાભાસ વિચાર આવે તો કહીએ કે દાદા, તમે ના કહ્યું છતાં આવો વિચાર આવ્યો, માટે માફી માગું છું. એવું આવડશે તને ?

આ રોગ તો જગતના લક્ષમાં જ નથી ને, કે કયા રોગથી ગાડું અટક્યું છે ! એ રોગ જગતના લક્ષમાં જ ના હોય ને ! એ તો જ્ઞાનીઓને એ રોગના પરમાણુ દેખાય !

## 'લગ્ન' એ લક્કડ કા લડુ

આ લગ્ન ટેમ્પરરી છે કે પરમેનન્ટ ?

**પ્રશ્નકર્તા :** મોક્ષ ના મળે ત્યાં સુધી તો ટેમ્પરરી જ ને !

**દાદાશ્રી :** હા, ત્યાં સુધી બધું ટેમ્પરરી જીવન ને ! હવે ટેમ્પરરી જીવનમાં લગનેય ટેમ્પરરી જ ને ! અને તેય આ ટેમ્પરરી લગનમાંય તારો સ્વભાવ તેને મળતો આવ્યો તો સારું, નહીં તો લોક છૂટાં નથી થતા ?

**પ્રશ્નકર્તા :** બધામાં એવું ના બને.

**દાદાશ્રી :** બધામાં એવું ના બને, પણ સ્વભાવ ના મળતો આવ્યો ત્યારે શું કરે ? કો'ક છૂટાં થાય ત્યારે કો'ક સહન કર કર કરે ! રડી રડીને ગમે

તેમ કરીને દહાડા કાઢે ! આ બધા પૈણેલા છે તે ખૂબ આનંદમાં દહાડા કાઢતા હશે એવું તમને લાગે છે ? આ મોજ કરતા હશે એવું તમને લાગે છે ? અરે, પાંચ ટકાય મોજ નથી કરતા ! આ તો લગ્નનો લાડુ ખાધો તે પણ પસ્તાયા ને નથી ખાધો તે પણ પસ્તાયા. લક્કડનો લાડુ છે આ તો ! આ તો ના ખાધો હોય તેના મનમાં એમ થાય કે હું પૈણ્યા વગર રહી ગઈ ! પૈણેલાને પસ્તાવો થયા કરે. હવે ના પૈણીએ તો જગતના લોકો બૂમાબૂમ કરે, કે એય આ પૈણતી નથી, એય આ પૈણતી નથી. એટલે આ જગતમાં જીવવું બહુ મુશ્કેલ છે, એવું નથી લાગતું તને ?

**પ્રશ્નકર્તા :** એટલે જ તો તમારી પાસે આવ્યા છીએ !

**દાદાશ્રી :** એ સારું કર્યું, નહીં તો મનમાં એમ થાય કે આ સાસુને લીધે મારી જિંદગી બગડી ગઈ ! આમ કંઈ ને કંઈ લોચા પડ્યા જ કરે, ઠેઠ સુધી !

લગ્ન પોતાનું ડિપેન્ડન્ટપણું છે તે જ ખબર નથી. આ તો ડિપેન્ડન્ટપણું છે. ભગવાન મહાવીર ઈન્ડિપેન્ડન્ટ થયા હતા.

તેં લગ્ન કરવાનું બંધ રાખ્યું કે કરવું છે ?

**પ્રશ્નકર્તા :** કરવું છે. એટલે કોની જોડે કરવું છે એ નક્કી નથી, પણ કરવું છે એ નક્કી.

**દાદાશ્રી :** પછી એક દહાડો ચિઢાય કે અક્કલ નહીં તારામાં, ગેટ આઉટ કરે તો પછી શું કરીશ ? તું મા-બાપ, મા-બાપ કરે (લાચારી દેખાડે), એમાં શું દહાડો વળે ? એ ચિઢાય ત્યારે તું શું કરું ?

**પ્રશ્નકર્તા :** શું કરવાનું, સાંભળવાનું.

**દાદાશ્રી :** ઘસીયા થઈ જવાનું, ગળીયા બળદ જેવા ! લીહટ !

**પ્રશ્નકર્તા :** નો, ધેન આઈ ગેટ એંગ્રી ઑન હર. એ મારા ઉપર ગુસ્સે થાય તો પછી હું એના ઉપર ગુસ્સે થઉં એમ.

**દાદાશ્રી :** તો પછી એન્ડમાં શું આવશે ? મારીને જતી રહેશે. બધું વિચારીને પૈણજે. પૈણવું સહેલું નથી. ચાર વેદ ભણી જાય ત્યારે પૈણવાનું આવડે. આ (ફૉરેનના) લોકો શું કહે છે ? લેડીને તમાચાથી જીતો. અને લેડીને કહે છે, તારા ધણીને તું તમાચાથી જીત ! ભગવાન મહાવીર શું કહે છે ? આપણે અહિંસાથી જીતો, એની હિંસાની ઉપર આપણી અહિંસા ! હિંસાનો એક દહાડો અંત આવશે, અહિંસાનો વિજય થશે. હિંસાનો તો વિજય થયો જ નથી આ દુનિયામાં.

એવું કેમ કહેવાય આપણાથી, કે પૈણવામાં સુખ નથી. એમ કેમ કહેવાય ? એ લોકો એવું કહે, 'પૈણવામાં દુઃખ છે' એવું અમે માનીએ નહીં. અનુભવ કરશે એટલે એય છોડી દેશે બધા. લક્કડનો લાડુ છે, ખાધા તે પણ પસ્તાયા, ના ખાધા તે પણ પસ્તાયા.

**પ્રશ્નકર્તા :** ખાધા પછી પસ્તાવું સારું, પછી અફસોસ ના રહી જાય.

**દાદાશ્રી :** હા, પછી અફસોસ ના રહે.

## દાદા કૃપાથી રાગે પડે સંસાર

અને લગ્ન એ કંઈ વસ્તુ છે ? એ તો રસ્તે જતા હેલ્પિંગ છે ખાલી. આ લગ્નને લીધે લોકો દુઃખી છે બધા. પણ લગ્ન કર્યા વગર ચાલે એવું જ નથી.

શું કહે છે, તારે કરવું છે કે નહીં કરવું ? તેં તો કર્યા છે ને !

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** લગ્ન નથી કર્યા ! શું વાત કરો છો ! ઝટપટ પૈણી જાવ, અમથા રાહ જોઈને બેસી

રહેવું ! પાછું બીજું ફ્રૂટ દેખે તો એ વળી બીજું ફ્રૂટ લઈને ફરતો હોય ! બધા તરબૂચા આવડા આવડા હોય તે, સારું દેખે કે એને લઈને ફરતો હોય. પછી આપણે દેખીએ તો આપણા મનમાં થાય કે આ તે બીજાને લઈને ક્યાં ફરે છે, આ મારો હતો ને ! ન્હોય તારો મૂઆ !

આ લાઈન કેવી છે ? દગાખોર લાઈન છે, માટે ચેતી જા. તું જેને પૈણીશ તેને હું આશીર્વાદ આપીશ અને બધું તારું રાગે પાડી આપીશ. બગડ્યું ત્યારથી ફરી સુધારીએ આપણે. બગડેલું તો છે જ, સડેલું તો છે જ પણ સુધારીને કરવું આપણે.

**પ્રશ્નકર્તા :** હવે એ કહો ને એને, એ પૈણે કે ના પૈણે ?

**દાદાશ્રી :** એને પૈણવાની ઈચ્છા હોય તો પૈણવામાં વાંધો નથી. હજુ કંઈ બહુ મોટી ઉંમર થઈ નથી.

**પ્રશ્નકર્તા :** પચ્ચીસ વર્ષની છે.

**દાદાશ્રી :** પૈણ. એક ખોળી કાઢવાનો. એક તંબૂરો ખોળી કાઢવાનો, વગાડ વગાડ કર્યા કરવાનો પછી. પછી તારી લાઈન ગોઠવી આપીશ. તું નક્કી કરી લાવું કે આ મારે આને ધણી તરીકે સ્વીકારવો, પછી બગડી જાય કે સુધરી જાય, પણ હવે એની જોડે જ જીવન કાઢવું છે, ત્યાર પછી હું તને ગોઠવી આપું, બહુ સરસ. તારી લાઈફ કેમ સુધારવી તે અમારા હાથમાં છે !

**પ્રશ્નકર્તા :** મોટામાં મોટી બીક મને એ છે કે હું જો લગ્ન કરું તો પછી મારા મોક્ષનું ભૂલાઈ ના જવું જોઈએ.

**દાદાશ્રી :** ના ભૂલાઈ જાય. તું લગ્ન કરીને મારી પાસે તેડી લાવું ને, તો એને રફુ મારી દઉં ચોગરદમ. તારા તાબામાં રહે એવું કરી આપું, તારા તાબામાં રહે ને એ હઉ મોક્ષમાં આવે. રફુ મારી આપું. ઘણી છોકરીઓને મારી આપું છું આવું. રાગે પડવું જોઈએ ને ! દાદા રાગે ના પાડે તો બીજું કોણ પાડી આપે ?

માટે નક્કી કરી નાખ હવે. એવું ભય ના પામીશ કે આમ થઈ જાય કે તેમ થઈ જાય ! જે થવાનું હોય તે થાય.

## પરણીને કાઢે તારણ, મોક્ષથી નિવારણ

**પ્રશ્નકર્તા :** અત્યારે છે તો આપણા હિન્દુ સમાજમાં બધા જે લગ્ન થાય છે, એ મા-બાપ ગોઠવી આપે છે અને પછી એ સક્સેસફુલ (સફળ) જતા નથી ને આખી જિંદગી એ લોકોને સહન કરવું પડે છે. તો કહે, એમાં કોઈ રસ્તો છે ? કારણ કે એ લોકો સમાજના પ્રેશર(દબાણ)થી મા-બાપને રાજી રાખવા આવી રીતના લગ્ન કરતા હોય છે ને આખી જિંદગી ભોગવવું પડે છે. તો એવો કોઈ રસ્તો છે કે આ આવું ના થાય ?

**દાદાશ્રી :** એ તો ચોઈસ (પસંદગી) કરીને પૈણે તોય એવું થાય ને પેલું કરીને પૈણે તોય એવું થાય. કારણ કે લગ્નનું નામ જ ભાંગફોડ. એનું નામ જ ભાંગફોડ. આ ભાંગફોડ થયા વગર રહેવાની નહીં.

**પ્રશ્નકર્તા :** હેં દાદા, આપણે સરસ ડિઝાઈન કરી અને એવો તડબૂચું લઈ આવ્યા હોય...

**દાદાશ્રી :** તડબૂચું લાવ્યા પછી કાપીએ ત્યારે પછી ધોળું નીકળે મહીં, લાલ નીકળે. કારણ કે લગ્ન એટલે ભાંગફોડ જ છે પોતે. પણ લગ્ન કેમ હિતકારી છે ? કેમ ફરજિયાત છે ? ત્યારે કહે છે કે એ અથડાઈ અથડાઈને ડેવલપ કરે છે માણસને. જીવમાત્રને ડેવલપ્ડ કરવા માટેનું સાધન છે એ. અથડાઈ અથડાઈને અનુભવ થઈને, એક્સપિરિયન્સ કરીને આગળ વધે છે.

**પ્રશ્નકર્તા :** એટલે મોક્ષે જવાનું એ પણ એક પગથિયું ખરું ને ?

**દાદાશ્રી :** એ જ પગથિયું છે, આ જ પગથિયું. સ્ત્રી એ જ પગથિયું. સ્ત્રીને પુરુષ એ જ પગથિયું. મારે, ઝૂડે, ઠોકાઠોક કરે, તો જ મોક્ષે જાય. એના ઉપરથી તારણ કાઢે કે પૈણવા જેવું નથી. પછી તે ઘડીએ એ બોલે. ગમે એટલી મોહવાળી હોય ને, એ નક્કી કરે કે 'આ પૈણવા જેવું નથી, બળ્યો આ સંસાર !' એટલે કહું છું કે પરણીને પછી તારણ કાઢજે. તારણ કાઢવામાં ભાંગફોડ છે જ વળી. હવે આ જાણે નહીં લોકો તારણ કાઢવાનું. એટલે શું કરે ? એ બ્લેમ કર્યા જ કરે, એના કર્મ બંધાય. પેલો બ્લેમ કર્યા કરે, એના કર્મ બંધાય અને પછી જાનવરોમાં ફર્યા જ કરે અનંત (કેટલાય) અવતાર. તારણ કાઢવાનું હોય ને તો સમજી જાય કે આ ખરું, પ્રૉફિટ કાઢવાનું ! શું અનુભવ થયો એ જોવાનું. લગ્ન એ મોજશોખ માટે નથી, અનુભવ માટે છે. અમે બધો અનુભવ કાઢી લીધેલો.

છોકરીઓ પૂછે છે કે મારે પૈણવું કે ના પૈણવું ? મેં કહ્યું, જો પૈણ્યા વગર ચાલે એવું નથી અને પૈણીને પસ્તાયા વગરેય ચાલે એવું નથી. કારણ કે બધું જ્ઞાન આપનારું છે અને જો ચાલે એવું હોય, પહેલા તું આ લઈને આવેલી હોય અનુભવ, તો અત્યારે ચાલે એવું હોય તો ચલાવી લે. બાકી 'પૈણવું એ કંઈ ગુનો છે' એવું નથી, એ જ્ઞાન આપનારું છે. ઉપદેશ-જ્ઞાન આપે છે. તને જ્ઞાન ના મળ્યું ?

**પ્રશ્નકર્તા :** બહુ મળ્યું, દાદા.

**દાદાશ્રી :** હા. અને પેલો એમ ને એમ છે તે પૈણ્યા વગર જો એ થઈ ગયા હોય (સમર્પણ) જગતનું કલ્યાણ કરવા માટે, તો મનમાં થોડું થોડું ખૂંચે. પૈણ્યા હોત તો સારું પડત. આખી જિંદગી ખૂંચે. હવે આ ખૂંચે જ નહીં.

**પ્રશ્નકર્તા :** દાદા, હું ના પરણી હોત ને, તો મને આ જગત ને આ બધું શું છે, કંઈ સમજણ જ ના પડી હોત.

**દાદાશ્રી :** એટલે મને વિચાર આવ્યો હતો કે બિચારી નથી પૈણતી, તે ઘરના બધા કહે છે કે નથી પૈણતી, નથી પૈણતી. મેં એને સમજણ પાડી કે બેન, પૈણવા જેવું છે આ જગતમાં. પૈણીને પસ્તાવું તો પડશે, પણ પૈણવા જેવું તો છે જ આ જગતમાં. પણ મને એમ થયું... અત્યારે મેં વિચારી જોયું. મેં કહ્યું, આ મેં આવી વાત શા માટે કરી હતી ? પણ અત્યારે મને ખબર પડી કે આ તો લાભકારી થયું. નહીં તો એને ખૂંચ્યા કરત કે આ પૈણ્યા હોત તો સારું પડત ! હવે ક્લિયર કટ ! પૈણવાની ? તો કહે, 'નો. હવે જ્ઞાન લઈ લીધું છે.' 'પૈણવાનું શું વાંધો છે' એ જોઈ લીધું કે અનુભવ થવો જોઈએ ને ! નહીં તો મનમાં ખટક્યા કરે. તમને બધાને અનુભવ થયા ને ?

**પ્રશ્નકર્તા :** થયા, દાદા.

**દાદાશ્રી :** એમને વિચાર આવતો હતો કે આપણે બ્રાહ્મણ જોડે પૈણીએ તેથી આ વાંધા આવે છે ! તે હવે જૈન જોડે પૈણ્યા, તે હવે ખબર પડીને એમાંય ! એય અનુભવ જોઈ લીધો ને, નહીં ? એ પણ અનુભવ મળે જ છે ને !

**પ્રશ્નકર્તા :** હવે તો પૈણવાનો નિશ્ચય જ બંધ કરી દીધો.

**દાદાશ્રી :** અમેય હીરાબા જોડે અનુભવ બધો મેળવી લીધો. પછી તારવણી કરી કે ભઈ, હવે અનુભવ કર્યો. પણ જો ગોદાગોદ કરીશું, તો ફરી થોડાક છમકલા રહેશે. એના કરતાં આપણે હિસાબ ચોખ્ખો કરો ને ! એટલે ક્લિયર કટ એટલે બસ એટલું જ. ભાવ બગડે નહીં એની ઉપર ક્યારેય પણ ! એ અવળું કરે તોય ભાવ ના બગડે. શા માટે આપણું બગાડવાનું ? એક અવતાર પાના પડ્યા, તે પાના પૂરા કરવાના ને ! જ્યાં સુધી

પૂરા થાય ત્યાં સુધી અને ના થાય તો એ છોડી દેવાનું. દેવતા ક્યાં સુધી પકડવો ? જ્યાં સુધી પકડી શકવાની શક્તિ હોય ત્યાં સુધી અને દઝાય તો... બધાની હદ હોય કે ના હોય ?

**પ્રશ્નકર્તા :** બરાબર.

**દાદાશ્રી :** પૈણીને પસ્તાવાનું, પણ પસ્તાવાથી જ્ઞાન થાય. અનુભવજ્ઞાન થવું જોઈએ ને ? એમ ને એમ ચોપડી વાંચે તો કંઈ અનુભવજ્ઞાન થાય ? ચોપડી વાંચીને કંઈ વૈરાગ આવે ? વૈરાગ તો પસ્તાવો થાય ત્યારે થાય.

આ લગ્ન થાય છે ત્યારથી મેરીડ લાઈફ(લગ્ન જીવન)નું ગલન થાય છે. તે એક દહાડો બધું જ ગલન (પૂરું) થઈ જાય.

## એ બન્નેમાં ફેર ક્યાં ?

**પ્રશ્નકર્તા :** પૈણેલા હોય એ લોકોને જ્ઞાન મોડું આવે ને ? અને બ્રહ્મચર્ય પાળે છે એ લોકોને જ્ઞાન પહેલું આવે ને ?

**દાદાશ્રી :** ના, એવું કશું નથી. પૈણેલા હોય અને જો બ્રહ્મચર્ય વ્રત લે, તો આત્માનું કેવું સુખ છે એ એને પૂરેપૂરું સમજાય. નહીં તો ત્યાં સુધી સુખ વિષયમાંથી આવે છે કે આત્મામાંથી આવે છે, એ સમજાતું નથી. અને બ્રહ્મચર્ય વ્રત હોય તો એને આત્માનું સુખ મહીં પાર વગરનું વર્તે ! મન સારું રહે, શરીર બધું સારું રહે.

**પ્રશ્નકર્તા :** બન્નેને જ્ઞાનની અવસ્થા સરખી હોય કે એમાં ફેર હોય, પૈણેલાની અને બ્રહ્મચર્યવાળાની ?

**દાદાશ્રી :** એવું છે ને, બ્રહ્મચર્ય વ્રતવાળો કોઈ દહાડોય પડે નહીં. એને ગમે તેવી મુશ્કેલી આવે તોય પડે નહીં, પછી એને 'સેફસાઈડ' કહેવાય.

## આ વિજ્ઞાનમાં પૂછીને કરજે

છતાં આ વિજ્ઞાન ગમે તેને, પૈણેલાનેય મોક્ષે લઈ જશે, પણ જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે ચાલવું જોઈએ. કો'ક મગજની ખુમારીવાળો હોય તે કહેશે, 'સાહેબ, હું બીજી પૈણવા માગું છું.' જો તારે પૈણવું હોય તો મારી આજ્ઞા લઈને પૈણજે. અને પછી આ પ્રમાણે વર્તજે. તારું જોર જોઈએ. પહેલા શું નહોતા પૈણતા ? ભરત રાજાને તેરસો રાણીઓ હતી તોયે મોક્ષે ગયા ! જો રાણીઓ નડતી હોય તો કે મોક્ષે જાય ખરા ? તો શું નડે છે ? અજ્ઞાન નડે છે. આટલા બધા માણસો છે, તેમને કહ્યું હોત કે સ્ત્રીઓ છોડી દો, તો એ બધા સ્ત્રીઓ ક્યારે છોડત ? અને ક્યારે એમનો પાર આવત ? એટલે કહ્યું, સ્ત્રીઓ છો ને રહી, અને બીજી પૈણવી હોય તો મને પૂછીને પૈણજે. નહીં તો પૂછ્યા વગર ના પૈણશો. જો છૂટ આપી છે ને બધી !

## છેવટે જ્ઞાનથી જ મોક્ષ

**પ્રશ્નકર્તા :** લગ્ન કરીને જલદી મોક્ષે જવાય કે લગ્ન કર્યા વગર જલદી મોક્ષે જવાય ? આમાં જલદી ઉપર ભાર છે !

**દાદાશ્રી :** લગ્ન કરીનેય મોક્ષે જઈ શકાય અને લગ્ન કર્યા વગરેય મોક્ષે જઈ શકાય. બાકી જલદી, એ તો એવું છે ને, જલદીને લાગતું-વળગતું નથી ! ફક્ત લગ્ન કર્યા વગરનું હોય તો ઈઝી (સરળ) લાગે. ઈઝિલી (સરળતાથી) મોક્ષ થાય અને પેલો અન્ઈઝી (કઠિનાઈથી) મોક્ષ થાય ! મોક્ષ તો બેઉનો થવાનો !

આપણે કહીએ, મારે આ કપડાં નથી પહેરવા, મને તો એક બંડી એકલી ચાલશે. તો એને એટલી ઉપાધિ ઓછી ને ! અને કપડાં ચઢાય ચઢાય કરે તો એને એટલી ઉપાધિ વધી ને ! જ્ઞાન હોય તો મોક્ષે જઈ શકે, પણ પૈણીને કે પૈણ્યા વગર એ તો એના હિસાબ હોય છે.

**- જય સચ્ચિદાનંદ**

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના આગામી સત્સંગ કાર્યક્રમો

### સુરત

**૮ મે** (શુક્ર) રાત્રે ૮-૩૦ થી ૧૧ - **સત્સંગ** તથા **૧૦ મે** સાંજે ૭-૩૦ થી ૧૧ (રવિ) - **જ્ઞાનવિધિ**
**૯ મે** (શનિ) રાત્રે ૮-૩૦ થી ૧૧ - પૂજ્યશ્રીના જન્મદિવસની ઉજવણી (લાઈવ બતાવાશે) અને **સત્સંગ**
**૧૧ મે** (સોમ) સાંજે ૮-૩૦ થી ૧૧ - **આપ્તપુત્ર સત્સંગ**
**સ્થળ : SMC** ગ્રાઉન્ડ, નક્ષત્ર નેબ્યુલાની બાજુમાં, દાંડી રોડ, જહાંગીરપુરા, સુરત. **સંપર્ક :** 9574008007

### અડાલજ

**૨૦ થી ૨૪ મે** (બુધ થી રવિ) - **PMHT (પેરન્ટ્સ મહાત્મા) શિબિર**
**નોંધ :** ૧) આ શિબિર જ્ઞાન લીધેલ પરિણીત મહાત્માઓ માટે રહેશે. ૨) શિબિરમાં 'પતિ-પત્નીનો દિવ્ય વ્યવહાર', 'મા-બાપ છોકરાંનો વ્યવહાર' અને 'પૈસાના વ્યવહાર' વિષયો પર પૂજ્યશ્રી દ્વારા સત્સંગ થશે. ૩) શિબિરમાં ભાગ લેવા માટે **'AKonnect'** એપ પર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

---

## અડાલજમાં અપરિણીત યુવાનો માટે આપ્તપુત્રો સાથે વિશેષ શિબિર : તા. ૨૬ થી ૨૮ જૂન ૨૦૨૬

**મોબાઈલ-ઈન્ટરનેટ, વિષય-વિકારના તમામ કુસંગથી કેવી રીતે નીકળવું એ માટેની વિશેષ શિબિર**

ઉંમર ૨૧ થી ૩૦ વર્ષના અને આત્મજ્ઞાનને ૧ વર્ષ પૂર્ણ થયેલ હોય તેવા અપરણિત યુવાનો આ શિબિરમાં ભાગ લઈ શકશે. શિબિર માટે રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. Calling/WhatsApp મો. નંબર - ૯૦૩૩૫૦૧૫૭૧

---

## પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર

**ભારત**

- **'દૂરદર્શન ગિરનાર'** પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૩૦, રાત્રે ૯-૩૦ થી ૧૦-૩૦
- **'ધર્મ સંદેશ' ચેનલ** પર દરરોજ સવારે ૨-૫૦ થી ૩-૫૦, બપોરે ૨-૩૦ થી ૩, રાત્રે ૮ થી ૯
- **'સાધના ગોલ્ડ ગુજરાતી'** પર દરરોજ સવારે ૭ થી ૮, રાત્રે ૮ થી ૯
- **'વાલમ'** પર દરરોજ સાંજે ૬ થી ૭ (ફક્ત ગુજરાત રાજ્યમાં)
- **'साधना'** पर हर रोज़ सुबह 7-50 से 8-15 (हिन्दी में)
- **'दूरदर्शन उत्तरप्रदेश'** पर हर रोज़ सुबह 7-30 से 8 और दोपहर 3 से 4 (हिन्दी में)
- **'दूरदर्शन सह्याद्रि'** पर हर रोज़ सुबह 7 से 7-45 (मराठी में)
- **'आस्था कन्नड़ा'** पर हर रोज़ दोपहर 12 से 12-30 तथा शाम 4-30 से 5 (कन्नड़ा में)
- **'दूरदर्शन चंदना'** पर हर रोज़ शाम 7 से 7-30 (कन्नड़ा में)

**USA-UK-Africa-Aus.**

- **'આસ્થા ગ્લોબલ'** પર સોમ થી શુક્ર રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ડિશ ટીવી ચેનલ UK-૮૪૯, USA-૭૧૯) (ગુજરાતી અને હિન્દીમાં)

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** 9328661166-77; **રાજકોટ :** 9924343478; **ભુજ :** 9924345588; **ગોધરા :** 9723707738; **મોરબી :** 9924341188; **સુરેન્દ્રનગર :** 9737048322; **અમરેલી :** 9924344460; **વડોદરા :** 9574001557; **અંજાર :** 9924346622; **જામનગર :** 9924343687; **જૂનાગઢ :** 9924344489; **મુંબઈ :** 9323528901; **ભાવનગર :** 9313882288; **અમદાવાદ (દાદા દર્શન) :** 9574001445; **વડોદરા (દાદા મંદિર) :** 9924343335
**U.S.A. Canada:** +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706

## પૂજ્યશ્રીનો UK સત્સંગ પ્રવાસ : તા.૨૫ માર્ચ થી તા. ૧૫ એપ્રિલ ૨૦૨૬


### લેસ્ટર : સત્સંગ - જ્ઞાનવિધિ : તા.૨૫ થી ૨૭ માર્ચ ૨૦૨૬






### સ્કોટલેન્ડ : સત્સંગ - જ્ઞાનવિધિ : તા.૨૮ માર્ચ થી ૧ એપ્રિલ ૨૦૨૬





### હેરો : સત્સંગ - જ્ઞાનવિધિ : તા.૩ થી ૬ એપ્રિલ ૨૦૨૬





મે ૨૦૨૬
વર્ષ-૩૧, અંક-૯
સળંગ અંક-૩૬૯

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
RNI No. 67543/95
Reg. no. G-GNR-347 valid up to 31-12-2026
Licensed to Post Without Pre-payment
No. PMG/NG/037/2024-2026
Valid up to 31-12-2026
Posted at Gandhinagar SRO
on 1st of every month.

## છેવટે જ્ઞાનથી જ મોક્ષ

લગ્ન કરીનેય મોક્ષે જઈ શકાય અને લગ્ન કર્યા વગરેય મોક્ષે જઈ શકાય. ફક્ત લગ્ન કર્યા વગરનું હોય તો ઈઝી (સરળ) લાગે. ઈઝિલી (સરળતાથી) મોક્ષ થાય અને પેલો અનઈઝી (કઠિનાઈથી) મોક્ષ થાય ! મોક્ષ તો બેઉનો થવાનો ! આપણે કહીએ, મારે આ કપડાં નથી પહેરવા, મને તો એક બંડી એકલી ચાલશે, તો એને એટલી ઉપાધિ ઓછી ને ! અને કપડાં ચઢાય ચઢાય કરે તો એને એટલી ઉપાધિ વધી ને ! જ્ઞાન હોય તો મોક્ષે જઈ શકે, પણ પૈણીને કે પૈણ્યા વગર એ તો એના હિસાબ હોય છે.

**- દાદાશ્રી**

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા મલ્ટીપ્રિન્ટ, એચ બી કાપડીયા ન્યુ સ્કૂલની સામે છત્રાલ-પ્રતાપપુરા રોડ, મુ. છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.